ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 72 ■ અંક : 06 ■ તારીખ : 20, જૂન, 2024 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

### કન્યાકુમારીમાં સાધનામાંથી નીકળેલા નવા સંકલ્પ

## ચાલો, સૌ સાથે મળીને ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવીએ : શ્રી નરેન્દ્રભાઈ મોદી

લોકશાહીના જન્મદાતા દેશમાં લોકશાહીનું એક સૌથી મોટું પર્વ સમાપ્ત થઈ ગયું છે. કન્યાકુમારીમાં ત્રણ દિવસની આધ્યાત્મિક યાત્રા પછી, ઘણા બધા અનુભવો છે ... હું મારા અંદર અનંત ઊર્જાનો પ્રવાહ અનુભવી રહ્યો છું.

ખરેખર, 24ની આ ચૂંટણીમાં ઘણા સુખદ સંયોગો બન્યા છે. અમૃતકાળની આ પ્રથમ લોકસભા ચૂંટણીમાં મેં 1857ના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામના પ્રેરણા સ્થળ મેરઠથી પ્રચારની શરૂઆત કરી હતી. મા ભારતીની પરિક્રમા સમયે આ ચૂંટણીની મારી છેલ્લી સભા પંજાબના હોશિયારપુરમાં યોજાઈ હતી. ત્યાર પછી મને કન્યાકુમારીમાં ભારત માતાના ચરણોમાં બેસવાની તક મળી. એ શરૂઆતની ક્ષણોમાં મન-મસ્તિષ્કમાં ચૂંટણીનો ઘોંઘાટ ગૂંજતો હતો. રેલીઓ અને રોડ શોમાં જોયેલા અસંખ્ય ચહેરાઓ મારી નજર સમક્ષ આવી રહ્યા હતા. માતાઓ, બહેનો અને પુત્રીઓના અપાર પ્રેમની એ લહેર, તેમના આશીર્વાદ... તેમની આંખોમાં મારા માટેનો વિશ્વાસ, એ સ્નેહ... હું બધું જ ગ્રહણ કરી રહ્યો હતો. મારી આંખો ભીની થઈ રહી હતી... હું શૂન્યતામાં જઈ રહ્યો હતો,



કન્યાકુમારીમાં વિવેકાનંદ શિલા સ્મારકને શ્રી એકનાથ રાનડેએ બનાવ્યું હતું, કાશ્મીરથી કન્યાકુમારી સુધી... દરેક દેશવાસીના હૃદયમાં આ આપણી સમાન ઓળખ છે

ધ્યાનમાં પ્રવેશી રહ્યો હતો.

થોડી જ ક્ષણોમાં રાજકીય ચર્ચાઓ, આક્ષેપ-પ્રતિઆક્ષેપ, આરોપના અવાજો અને શબ્દો શૂન્યાવકાશમાં ઉતરતા ગયા. મારા મનમાં અલિપ્તતાની લાગણી વધુ તીવ્ર બની ગઈ. મારું મન બહારની દુનિયાથી સાવ અલિપ્ત થઈ ગયું. આટલી મોટી જવાબદારીઓ વચ્ચે આવી સાધના અઘરી છે, પરંતુ કન્યાકુમારીની ભૂમિ અને સ્વામી વિવેકાનંદની પ્રેરણાએ તેને આસાન બનાવી દીધી છે. હું ઈશ્વરનો આભારી છું કે, તેણે મને જન્મથી આ સંસ્કાર આપ્યા છે. હું એમ પણ વિચારતો હતો કે, સ્વામી વિવેકાનંદજીએ એ સ્થાન પર સાધનાના સમયે ક્યો અનુભવ કર્યો હશે. મારી સાધના આ પ્રકારના વિચાર પ્રવાહમાં વહેતો હતો.

આ વિરક્ત ભાવ વચ્ચે મારા મનમાં ભારતના ઉજ્જવળ ભવિષ્ય માટે, ભારતના ધ્યેયો માટે સતત વિચારો આવતા હતા. કન્યાકુમારીના ઉગતા સૂર્યે મારા વિચારોને નવી ઊંચાઈ આપી, સમુદ્રની વિશાળતાએ મારા વિચારોને વિસ્તૃત કર્યા અને મને બ્રહ્માંડના ઊંડાણમાં રહેલી એકાત્મકતા, વ્યક્તિગતતાનો સતત અનુભવ કરાવ્યો. એવું લાગતું હતું જાણે હિમાલયના ખોળામાં દાયકાઓ પહેલા કરેલા ચિંતન અને અનુભવો ફરી જીવંત થઈ રહ્યા હોય.

કન્યાકુમારીનું આ સ્થાન હંમેશાં મારા હૃદયની ખૂબ નજીક રહ્યું છે. કન્યાકુમારીમાં વિવેકાનંદ શિલા

અનુસંધાન પાના નંબર : 2

### જુલાઈના પ્રથમ શનિવારે આંતરરાષ્ટ્રિય સહકાર દિનની ઉજવણી

## સહકારી ક્ષેત્ર સર્વ માટે બહેતર ભવિષ્યનું નિર્માણ કરે છે, વિષયવસ્તુ આધારે થશે

દર વર્ષે જુલાઈના પ્રથમ શનિવારે આંતરરાષ્ટ્રિય સહકારિતા દિનની ઉજવણી કરવામાં આવે છે. સહકારિતા દિનનો ઉદ્દેશ સહકારિતા અંગે જાગરૂકતા વધારવાનો અને સહકારી આંદોલનના આંતરરાષ્ટ્રિય એકજૂટતા, આર્થિક ક્ષમતા, સમાનતા અને વિશ્વશાંતિના વિચારને પ્રોત્સાહિત કરવાનો છે. 1995થી ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ એલાયન્સ (આઈ.સી.એ.) અને સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુ.એન.) કમિટી ફોર ધ પ્રમોશન એન્ડ એડવાન્સમેન્ટ ઓફ કો-ઓપરેટિવ્ઝ (સી.ઓ.પી.એ.સી.) મારફત સહકારિતા દિવસની ઉજવણી માટેનું વિષયવસ્તુ સંયુક્ત રીતે નિર્ધારિત કરે છે.

શનિવાર 6 જુલાઈ-2024ના રોજ તેની ઉજવણી કરવાની છે તે આંતરરાષ્ટ્રિય સહકારિતા દિન-2024નું વિષયવસ્તુ છે : 'સહકારી ક્ષેત્ર સર્વ માટે બહેતર ભવિષ્યનું નિર્માણ કરે છે.

આ વર્ષના આંતરરાષ્ટ્રિય સહકારિતા દિન-2024ના વિષય વસ્તુ સ્વાશ્રય, સ્વજવાબદારી, લોકશાહી, સમાનતા, ન્યાય અને એકજૂટતા, ખુલ્લાપણું, સામાજિક જવાબદારી અને સભ્યોની સારસંભાળ રાખવાના નૈતિક મૂલ્યોથી પ્રેરિત આપણું માનવ કેન્દ્રિત બિઝનેસ મોડેલ કઈ રીતે બહેતર વિશ્વનું નિર્માણ કરે છે તેનું મુખ્યત્વે ધ્યાન કેન્દ્રિત કરે છે. આંતરરાષ્ટ્રિય સહકારિતા દિન-2024 અંગે વધુ અધતન માહિતી આઈ.સી.એ.ની વેબસાઈટ coopsday. coop પર ઉપલબ્ધ છે.

એન.સી.યુ.આઈ.પણ હંમેશની જેમ 'સહકારી ક્ષેત્ર સર્વ માટે બહેતર ભવિષ્યનું નિર્માણ કરે છે " એ વિષય વસ્તુ પર 6 જુલાઈ 2024ના રોજ એક સંગોષ્ઠિનું આયોજન કરનાર છે.

## UPI થકી એક મહિનામાં રૂા. 20.45 લાખ કરોડના મૂલ્યના 14 અબજથી વધુ વિક્રમી ટ્રાંઝેક્શન

નવી દિલ્હી : ડિજિટલ અર્થતંત્રના વિકાસમાં UPI એ સૌથી મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. UPI દ્વારા પેમેન્ટ કરવું એ ચપટીઓનું કામ થઈ ગયું છે, હવે UPI દ્વારા તદ્દન સરળતાથી પેમેન્ટ થાય છે, જેના કારણે તે પેમેન્ટ કરવા માટે લોકોનું ફેવરિટ માધ્યમ બની ગયું છે. તેનું તાજેતરનું ઉદાહરણ મે મહિનામાં કરવામાં આવેલા UPI ટ્રાન્ઝેક્શન પરથી જોઈ શકાય છે. આ મહિનામાં UPI ટ્રાન્ઝેક્શન દ્વારા પેમેન્ટનો નવો રેકોર્ડ બન્યો છે. લોકો માટે આ મે મહિનામાં UPI દ્વારા સફળતાપૂર્વક 14.04 બિલિયન ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યા છે. આ માહિતી નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)ના ડેટામાંથી મેળવવામાં આવી છે. યુપીઆઈના ઇતિહાસમાં આ પ્રથમ વખત છે જ્યારે એક જ મહિનામાં યુપીઆઈ દ્વારા 14 અબજથી વધુના ટ્રાન્ઝેક્શન્સ થયા છે. મે પહેલા એપ્રિલ મહિનામાં યુપીઆઈ દ્વારા થતા ટ્રાન્ઝેક્શનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. આ સમયગાળા દરમિયાન યુપીઆઈ દ્વારા 13.3 અબજ વ્યવહારો થયા હતા. એપ્રિલ મહિના દરમિયાન UPI દ્વારા થતા ટ્રાન્ઝેક્શન્સમાં સહેજ ઘટાડો જોવા મળ્યો હતો.

માર્ચ મહિનામાં પણ યુપીઆઈ દ્વારા કુલ 13.44 અબજ ટ્રાન્ઝેક્શન થયા હતા. એપ્રિલમાં આ આંકડો એક ટકા ઓછો હતો.

માત્ર માસિક વ્યવહારો જ નહીં પરંતુ દૈનિક વ્યવહારોમાં પણ વધારો થયો છે. ગયા મહિને યુપીઆઈ દ્વારા દરરોજ લગભગ 45.3 કરોડ ટ્રાન્ઝેક્શન થયા હતા. આ સમયગાળા દરમિયાન દૈનિક




યુપીઆઇ લોકો માટે પેમેન્ટનું ફેવરિટ માધ્યમ બનતું જાય છે

વ્યવહારોની સરેરાશ રકમ રૂ. 65,966 કરોડ રહી છે. આંકડા અનુસાર, વાર્ષિક ધોરણે આ 49 ટકાની વૃદ્ધિ છે.

UPI દ્વારા થતા ટ્રાન્ઝેક્શનમાં જબરદસ્ત વધારો જોવા મળ્યો છે. જો આપણે આંકડાઓ પર ભરોસો કરીએ તો, મે મહિનામાં UPI દ્વારા કરવામાં આવેલા વ્યવહારોનું કુલ મૂલ્ય 20.45 લાખ કરોડ રૂપિયા હતું. જ્યારે એપ્રિલ મહિનામાં થયેલા વ્યવહારોની રકમ 19.64 લાખ કરોડ રૂપિયા હતી. આંકડા મુજબ એક મહિનામાં ચાર ટકાથી વધુનો વધારો જોવા મળ્યો છે. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા રિઝર્વ બેંકે જાહેરાત કરી હતી કે UPIને દેશની બહાર પણ લઈ જવામાં આવશે અને તેને એક લોકપ્રિય ટ્રાન્ઝેક્શન પ્લેટફોર્મ બનાવવામાં આવશે.

આરબીઆઈનું લક્ષ્ય નજીકના ભવિષ્યમાં 20 દેશોમાં UPIનો ઉપયોગ કરવાનું છે. આ શ્રેણીમાં શ્રીલંકા, નેપાળ, UAE સહિત ઘણા દેશોમાં UPI દ્વારા ટ્રાન્ઝેક્શન શરૂ થઈ ગયું છે.

## દેશનો જીડીપી 2023-24માં વધીને 8.2 ટકા, Q4માં 7.8 ટકા

નવી દિલ્હી : દેશનો જીડીપી ગ્રોથ જાન્યુઆરી - માર્ચ ક્વાર્ટર (Q4)માં 7.8 ટકા રહ્યો હતો અને સમગ્ર વર્ષ 2023-24નો ગ્રોથ 8.2 ટકા રહ્યો હતો. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે નોંધપાત્ર ગ્રોથ જોવાયો હતો. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO) એ આ ડેટા જાહેર કર્યા હતા. અગાઉના 2022-23ના વર્ષમાં જીડીપી ગ્રોથ 7 ટકા રહ્યો હતો.

જાન્યુઆરી-માર્ચના ક્વાર્ટરમાં જીડીપી ગ્રોથ 7.8 ટકા રહ્યો હતો, જે ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં 8.6 ટકા કરતાં ઓછો હતો. જુલાઈ- સપ્ટેમ્બર ક્વાર્ટર (2023)નો ગ્રોથ 8.1 ટકા હતો અને એપ્રિલ-જૂન ક્વાર્ટર(2023)નો ગ્રોથ 8.2 ટકા હતો. ગત વર્ષે જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટર (2023)માં ગ્રોથ 6.2 ટકા હતો.

બીજા એડવાન્સ પર ફેબ્રુઆરીમાં ગ્રોથ 7.7 ટકા રહેશે તેમ કહ્યું હતું, જેના કરતાં વાસ્તવિક આંકડો નોંધપાત્ર વધારે છે. નોમિનલ જીડીપી (જીડીપી એટ કરન્ટ પ્રાઈસ) 2023-24માં રૂા. 295,36 લાખ કરોડ થયો હતો, જે 2022-23માં રૂા. 269.50 લાખ કરોડ હતો. આ રીતે તેમાં 9.6 ટકાનો વધારો થયો હતો.

માર્ચ ક્વાર્ટરમાં રિયલ જીડીપી રૂા. 47.24 લાખ કરોડ થયો હતો, જે ગત વર્ષે આ ગાળામાં રૂા. 43.84 લાખ કરોડ કરતાં 7.8 ટકાનો વધારો દર્શાવે છે. માર્ચ ક્વાર્ટરમાં નોમિનલ જીડીપી રૂા. 78.28 લાખ કરોડ થયો હતો, જે ગત વર્ષે આ ગાળામાં 71.23 લાખ કરોડ કરતાં 9.9 ટકાનો વધારો દર્શાવે છે.

રિયલ ગ્રોસ વેલ્યૂ એડેડ (GVA) 2023-24માં રૂા. 158.74 લાખ કરોડ થયો છે, જે અગાઉ વર્ષે રૂા. 148.05 લાખ કરોડ કરતાં 7.2 ટકાનો વધારો દર્શાવે છે. અગાઉના વર્ષે તેમાં 6.7 ટકા વૃદ્ધિ થઈ હતી.

માર્ચ ક્વાર્ટરમાં મેન્યુફેક્ચરિંગ




સેક્ટરમાં જીવીએ 8.9 ટકા રહ્યો હતો, જે ગત વર્ષે આ ગાળામાં 0.9 ટકા હતો. માઈનિંગ ક્ષેત્રે ગ્રોથ 4.3 ટકા રહ્યો હતો, જે ગત વર્ષે આ ગાળામાં 2.9 ટકા હતો. કન્સ્ટ્રક્શન ક્ષેત્રે ગ્રોથ 8.7 ટકા થયો હતો, જે ગત વર્ષે આ ગાળામાં 7.4 ટકા હતો. કૃષિ ક્ષેત્રે ગ્રોથ ઘટીને 0.6 ટકા રહ્યો હતો, જે ગત વર્ષે આ ગાળામાં 7.6 ટકા હતો. વીજળી, ગેસ, પાણી પુરવઠા, અને અન્ય યુટિલિટી સર્વિસીઝ સેગમેન્ટમાં Q4માં ગ્રોથ 7.7 ટકા રહ્યો હતો, જે ગત વર્ષે આગાળામાં 7.3 ટકા હતો.

સર્વિસીઝ સેક્ટર (ટ્રેડ, હોટેલ, ટ્રાન્સપોર્ટ, ક્મ્યુનિકેશન, બ્રોડકાસ્ટ સંબંધિત સર્વિસીઝ)માં જીવીએ ગ્રોથ 5.1 ટકા રહ્યો હતો, જે ગત વર્ષે આ ગાળામાં 7 ટકા હતો.

ફાઈનાન્સિયલ, રિયલ એસ્ટેટ અને પ્રોફેશનલ સર્વિસીઝમાં 7.6 ટકા ગ્રોથ નોંધાયો હતો, જે ગત વર્ષે માર્ચ ક્વાર્ટરમાં 9.2 ટકા હતો. પબ્લિક એડમિનિસ્ટ્રેશન, ડિફેન્સ અને અન્ય સર્વિસીઝમાં ગ્રોથ 7.8 ટકા રહ્યો હતો, 4 ગત વર્ષે આ ગાળામાં 4.7 ટકા હતો.

## 23 દેશોને પસંદ આવી ભારતની નિષ્પક્ષ ચૂંટણી વ્યવસ્થા, પોતાના દેશમાં કરશે અમલ

ન્યૂ દિલ્હી : ભારતીય ચૂંટણી પંચ દ્વારા દેશ આખામાં યોજાયેલી લોકસભાની ચૂંટણીઓની દુનિયાના 23 દેશોના પ્રતિનિધિઓ ભારતમાં આવ્યા અને વિવિધ રાજ્યોમાં જઈને ચૂંટણીઓ કઈ રીતે યોજાય છે તેનું જાત નિરિક્ષણ કર્યું અને 23 દેશોએ ભારતના ચૂંટણી પંચની સરાહના કરવાની સાથે એક રીતે ક્લીન ચીટ પણ આપી કે વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવનાર ભારતમાં મુક્ત અને ન્યાયી રીતે ચૂંટણીઓ યોજાય છે, તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

ભૂટાન, મંગોલિયા, મેડાગાસ્કર, ઓસ્ટ્રેલિયા, ફિજી, ક્રિમિઅન રિપબ્લિક, રશિયા, મોલ્ડોવા, ટ્યુનિશિયા, સિસિલી, કંબોડિયા, નેપાળ, ફિલિપાઈન્સ, ઝિમ્બાબ્વે, બાંગ્લાદેશ કઝાકિસ્તાન, યોર્જિયા, ચિલી, ઉઝબેકિસ્તાન, માલદીવ્સ, પાપુઆ, ન્યુ ગિની, શ્રીલંકા, અને નામીબિયા. 23 દેશોમાંથી કુલ 75 મુલાકાતીઓ ભારત આવ્યા હતા. આ માહિતી શેર કરતી વખતે, ચૂંટણી પંચના જોઈન્ટ ડાયરેક્ટર અનુજ ચાંડકે પાછળથી ઉમેર્યું હતું કે મેમ્બર્સ ઓફ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન ફોર ઈલેક્ટોરલ સિસ્ટમ'ના પ્રતિનિધિઓ અને કદાચ ઈઝરાયેલ અને ભૂટાનની મીડિયા ટીમો પણ આવી. 23 દેશોના કુલ 75 પ્રતિનિધિઓને નાના-નાના જૂથોમાં વિભાજિત કરીને મહારાષ્ટ્ર, કર્ણાટક, ગોવા, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને ગુજરાતમાં મોકલવામાં આવ્યા.



વિદેશી નિરીક્ષકોએ છ રાજ્યોમાં ચૂંટણીનું નિરીક્ષણ કરીને તેમના દેશમાં પણ આ રીતે ચૂંટણીઓ યોજી શકાય એવો મત પણ વ્યક્ત કર્યો. ગયા મહિને જ, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે સ્પષ્ટતા કરી હતી કે અમારો દેશ ભારતમાં કોઈ ચૂંટણી નિરીક્ષકો મોકલવાના મતના નથી, પરંતુ સત્તામાં ભાગીદારો સાથેના અમારા સહયોગને વધુ ગાઢ અને મજબૂત કરવા આતુર છે. જર્મનીના રાજદૂત ફિલિપ એકરમેને કહ્યું કે જર્મની ભારતમાં યોજાઈ રહેલી વિશ્વની સૌથી

અનુસંધાન પાના નંબર : 2

## સરકારે ઘઉંના ઉત્પાદનનો અંદાજ વધારીને રેકોર્ડ 11.29 કરોડ ટન કર્યો

નવી દિલ્હી : સરકારે પાક વર્ષ 2023-24 (જુલાઈ-જૂન) માટે ઘઉંનાં ઉત્પાદનનો અંદાજ વધારીને રેકોર્ડ 11.29 કરોડ ટન કર્યો છે. આ તેનો ત્રીજો અંદાજ હતો. અગાઉના અંદાજ કરતાં 9.1 લાખ ટન વધારવામાં આવ્યો છે. પાક વર્ષ 2022-23માં 11.05 કરોડ ટન ઘઉંનું ઉત્પાદન થયું હતું, જે પણ રેકોર્ડ હતો. ઘઉં મુખ્ય રવિ પાક છે જેનો પાક લણવાનું કામ ખાસ્સું થઈ ચૂક્યું છે અને 2.6 કરોડ ટન ઘઉં તો કેન્દ્ર સરકારે લઘુતમ ટેકાના ભાવે ખરીદી પણ લીધા છે.

ત્રીજા અંદાજમાં કૃષિ મંત્રાલયે ચોખાનું ઉત્પાદન ચાલુ પાક વર્ષમાં 13.67 કરોડ ટન થશે તેમ કહ્યું છે જે અગાઉના વર્ષમાં 13.57 કરોડ ટન હતું. દેશમાં કુલ અનાજ ઉત્પાદન થોડું ઘટીને 32.88 કરોડ ટન થશે તેવો અંદાજ છે. જોકે છેલ્લાં પાંચ વર્ષના સરેરાશ 30.77 કરોડ ટન ઉત્પાદન કરતાં તે 2.11 કરોડ ટન વધારે રહેશે.



કઠોળમાં તુવેરનું ઉત્પાદન વધીને 33.8 કરોડ લાખ ટન થયું હતું, જે અગાઉના વર્ષે 33.1 લાખ ટન હતું. મસૂરનું ઉત્પાદન 17.5 લાખ ટન થવાનો અંદાજ છે જે ગત વર્ષે 15.5 લાખ ટન હતો. તેલિબિયામાં સોયાબીનનું ઉત્પાદન 1.30 કરોડ ટન થવાનો અંદાજ છે, અને સરસવ તેલિબિયાનું ઉત્પાદન 1.31 કરોડ ટન થવાનો અંદાજ છે. રોકડિયા પાકમાં કપાસનું ઉત્પાદન 3.25 કરોડ ગાંસડી (170 કિલોગ્રામની એક ગાંસડી) અને શેરડીનું ઉત્પાદન 44.25 કરોડ ટન થવાનો અંદાજ ચાલુ વર્ષે છે.

## 1 કરોડ ઘરોના છાપરે સોલાર પેનલ

એક કરોડ ઘરોમાં સોલાર પેનલ લગાડવા માટેની તૈયારી કેન્દ્ર સરકાર મોટા પાયે કરી રહી છે. વડાપ્રધાન જેને સૂર્યઘર કહે છે અને જે મુક્ત વિજળી યોજનાના નામે ઓળખાય છે તે યોજના હેઠળ સરકાર એક કરોડ ઘરોમાં સોલાર પેનલ નાખવા માંગે છે. તે માટે સરકાર એક લાખ લોકોની મોટી ફોજ ઊભી કરશે. આ એક લાખ લોકોને સોલાર પેનલ આ નાખવાનું ટેકનીકલ અને પ્રેક્ટીકલ જ્ઞાન અપાશે. પ્રેક્ટીકલ જ્ઞાન પછી જે લોકો તૈયાર થશે તેમને વધુ જવાબદારીઓ સોંપાશે. નેશનલ પાવર ઈન્સ્ટિટ્યૂટની સાથે રહીને સંયુક્ત રીતે ટ્રેનિંગ સેન્ટરો ચલાવાશે. કહે છે કે સરકાર 50,000 જેટલા વેચાણ એજન્ટો પણ તૈયાર કરશે.

પાના નં. 6નું અનુસંધાન

# પ્રગતિ સહકારી બેંક લિ., વડોદરા

## SCHEDULE - A

SCHEDULE - A
NOTES FORMING PART OF THE PROFIT AND LOSS AND BALANCESHEET FOR THE YEAR ENDED
ON 31-03-2024 AS ON EVEN DATE

I OVERVIEW :

a. **Basis of Preparation**

The accompanying financial statements have been prepared under the historical basis and confirm, in all material aspects, to Generally Accepted Accounting Principles (GAAP) in India, which comprise the statutory provisions, guidelines of regulatory authorities - Reserve Bank of India (RBI), accounting standards/guidance notes issued by the Institute of Chartered Accountants of India (ICAI), and the practices prevalent in the banking industry in India.

b. **Use of Estimate**

The preparation of the financial statements, in conformity with generally accepted accounting principles, requires management to make estimates and assumptions that affect the reported amounts of assets and liabilities, revenues and expenses and disclosure of contingent liabilities at the financial statements. Management believes that the estimates used in the preparation of the financial statements are prudent and reasonable. Any revisions to the accounting estimates are recognized prospectively.

II **SIGNIFICANT ACCOUNTING POLICIES:**

a. **Accounting Convention**

The financial statements are drawn up keeping in mind the historical cost and going concern concept and in accordance with generally accepted accounting principles and practices prevailing in the co-operative banks in India except otherwise stated.

b. **Revenue Recognition**

Income & expenditure are accounted on accrual basis, except otherwise stated below.

- Interest income is recognized as it accrues except in the case of non-performing assets, where it is recognized on realization basis, as per Income Recoganition norms of RBI.
- When the borrower accounts becomes regular and remains Standard in six months Period, the account is upgraded and reclassified as standard account.
- Legal Expenses in case of Suit Filed Accounts is charged to profit and loss account and separate control account is being maintained. Such amount when recovered is treated as income.
- Dividend on investments is accounted in the year of receipt.
- Interest provision on matured FD is made at Saving Bank interest rate i.e. 3% as per the instructions from RBI.
- Commission exchange recognised on receipt basis and locker reat recognized on accrual basis.

C. **Investment**

The entire investment portfolio of the bank is classified in accordance with the RBI guidelines, into following three categories:

- Held till maturity comprising of investments acquired with the intention to hold them till maturity.
- Held for trading comprising of investment acquired with the intention to trade.
- Available for sale comprising of investment which are not classified as above.
- Investments have been further classified under five groups as required under RBI guild lines Central/State Government securities, other approved securities, shares in co-op. institution, other investment with Financial institution and other Investment with PSUs for the purpose of discourse in the Balance Sheet.
- Mutual funds instruments are valued at market rate or repurchase price or net asset value in that order depending in their availability.
- Valuation of investment: long term investment classified as “Held for Maturity” are stated at acquisition cost, unless it is more than face value, in which case the premium is amortized over the period remaining to maturity.
- Investment in Government securities are further classified as follows :

Amount in Rs. in lacs

| Sr. No. | Particulars | FY 23-24 | FY 22-23 |
|---|---|---|---|
| 1. | Held to Maturity | 4146.64 | 6646.12 |
| 2. | Held for Trading | 0.00 | 0.00 |
| 3. | Available for Sale | 10493.33 | 11495.21 |
| | **Total** | **14639.97** | **18141.33** |

- Provision for diminution in value of Investments held for trading & Available for Sale is made on Yearly basis whereas in respect of thouse held to maturity no provision is required as per RBI guidelines.
- Amortization of premium paid on Government Securities Classified as HMT is charged to profit & loss A/c.

d. **Advances :**

- Advances are stated net of recovery in suit filed.
- Advances are classified into standard, sub-standard, doubtful and loss assets in accordance with the IRAC guidelines issued by the Reserve Bank of India.
- Provision for standard, sub-standard, doubtful and loss assets are made in accordance with the IRAC guidelines issued by the Reserve Bank of India.

e. **Fixed Assets & Depreciation**

- All the tangible fixed assets have been stated at cost comprises the purchase price and attributable cost of bringing the assets to its working condition for its intended use.
- Fixed assets held for disposal have been stated at the lower of cost or net realizable value and shown separately in the financial statements. Any expected loss is recognized immediately in the profit and loss statement.
- Depreciation is not provided for on the assets sold/disposed of during the accounting year till the time of sell/disposal as mandated by the accounting standard.
- Depreciation on fixed assets purchased during the year is charged full year, if the asset is purchased and retained for 180 days or more, otherwise it is charged at 50% of normal rate. No depreciation is provided on the fixed assets sold and/or discarded during the year. All fixed assets are shown at Net block.

| Sr. No. | Name of the Assets | Method | Rate of Depreciation For FY 22-23 & 23-24 |
|---|---|---|---|
| 1. | Property | WDV | 5.00% |
| 2. | Furniture and Fixtures | WDV | 10.00% |
| 3. | Vehicle | WDV | 30.00% |
| 4. | Electrical and Electronic Equipment | WDV | 10.00% |
| 5. | Computer | SLM | 33.00% |
| 6. | Safe Deposit Vaults | WDV | 15.00% |

f. **Employee benefits**

Retirement benefits are provided for in the books on the accrual basis in the following manner.

- **Provident Funds:** On accrual basis.
- **Gratuity Fund:** The bank has defined contribution plans for post-employment benefit in forms of Provident Fund Bank has made contribution to LIC of India and RS.92,262 (Rs. 90176) charged to profit and loss account.
- **Leave encashment:** The bank has defined contribution plans for post employment benefit in forms of leave encashment. Bank has made contribution to LIC of India and RS. 1008645 (Rs. 10097) charged to profit and loss account.

g. **Provisions, Contingent liabilities & Contingent Assets**

- Provisions are recognized only when there is a present obligation as a result of past events and when a reliable estimate of the amount of obligation can be made. Contingent Liability is disclosed for (i) Possible obligation which will be confirmed only by future events not wholly within the control of the bank or (ii) Present obligations arising from past events where it is not probable that an outflow of resources will be required to settle the obligation or a reliable estimate of the amount of the obligation cannot be made. Contingent assets are not recognized in the financial statements.

h. **Accounting for Taxation**

- Current Tax: Current tax is provided as per the provision of Income Tax Act, 1961.
- Deferred Tax: Deferred tax expenses or benefit is recognized using tax rates and the tax laws enacted or substantively enacted at the reporting date.

I. **Reserve Fund and Other Reserves**

As per the requirements of the Gujarat State Cooperative Act & relevant provisions of bye laws of the bank, the net profit have been appropriated in Annual General Body meeting of the Bank to statutory reserve and other reserve.

j. **Segment Information**

The entire operation of the bank is one composite banking business not liable to different risks and rewards. Consequently in the opinion of the bank, Accounting Standard 17 on “Segment Reporting” issued by the Institute of Chartered Accountants of India is not applicable to the bank.

k. **Related Party Transactions**

As per the confirmation received from Management there are no transactions entered with Related Parties except advances given to Relatives of Directors and Committee members Rs. 96.00 lacs (Rs. 25.55 Lacs). There are no overdue Account in the Said Accounts.

l. **Earning Per Share**

• Earning per share for the year 2023-24 is Rs. 25.39 (Rs. 13.91)

III **NOTES TO ACCOUNTS:**

1. The Bank has achieved the overall exposure of advances to weaker sector as per RBI guidelines.
2. Bank in maintaining minimum CRAR of 9% on a continuous basis.
3. Number of Nominal members are 38 (98) as per RBI guidelines.
4. **Taxation :**
   Income tax Expenses debited to Profit and Loas Account for Current year is Rs. 218.66 lacs (Rs. 105.00 Lacs)
5. **Deferred Tax :**
   Bank has creatd Net deferred tax assests of Rs. 3.94 Lacs (Rs. 4.65 lacs) for the year.
6. **Advances:**
   - Balances under the head “Advances”, “Deposits” and other accounts (Liability) are subjects to reconciliation and confirmation of customers.
   - Classification of advances covered by book debts is reported under the head “Advances Secured by tangible assets” as per RBI guidelines.
   - As per RBI guidelines target for Priority Sector advances is 60% (60%) of total Advances and for Weaker Section target is 11.5% (11.5%) of the total Advances. Against this bank has achieved 67.48 % (63.58%) to Priority Sector and 21.89% (34.32%) to Weaker Section during the year.
   - Required provision for standard assets has been made by the bank as per RBI guidelines.
7. **Investment Depreciation Reserve**
   During the current year bank has provided Investment Depreciation Reserve.
8. **Contingent Liability**

**• Income Tax Demand** (Rs. In Lakhs)

| Assessment Year | FY 23-24 | FY 22-23 | Remarks |
|---|---|---|---|
| 2013-14 | 23.23 | 23.23 | CIT Appeal |
| 2017-18 | 1.00 | 1.00 | Vadodara |
| **Total** | **24.23** | **24.23** | |

**• Other Contingent Liabilities are as under.** (Rs. In Lakhs)

| Sr No. | Particular | Amount as on 31-03-2024 | Amount as on 31-03-2023 |
|---|---|---|---|
| 1 | Financial Bank Guarantee | 41.22 | 24.33 |
| 2 | Constituents Liability on RBI Deaf A/c. | 351.81 | 349.41 |
| | **Total** | **393.03** | **373.74** |

9. **Other Expense**
   As per provision of section 36 (1) (VIIA) for Income Tax Act 1961 Bank has claimed deducation of Rs. 66.00 Lacs (39.00 Lacs) Lakhs debited to Profit and Loss account under the head “Other edpense”
10. Other Income
    Other income includes locker rent income of Rs. 63.23 Lacs (63.20 Lacs) which is recovered by bank for providing locker facility to account holder.
11. Compliance to Reserve Bank of India Directives.
    Bank has complied with all the guidelines / directives / circulars of RBI.
12. Inter branch accounts and inter banks account are reconciled up to 31st March 2024 and no provision is required to be made in respect of items outstanding therein.
13. Fixed Deposits of Rs. 3374.52 Lacs (Rs. 1842.22 lacs) include Rs. 548.17 Lacs (Rs. 589.00 lacs) sanctioned limits of Overdraft and Rs. 1430.52 Lacs (671.70 Lacs) under lien for various banking arrangements. Bank has not utilized the sanctioned limits during the year.
14. In the opinion of the board the current assets, loans and advances are approximately of the value stated if realized in the ordinary course of business. The provisions for all known liabilities are adequate.
15. The bank has not pay remuneration or other benefits to any of its directors.
16. Previous year figures are regrouped and rearranged wherever consider necessary.
17. Comparative Figures of Previous year are stated in the Bracket Wherever Applicable.

For, Ranpura & Shah
Chartered Accountants
FRN: 131720W
CA Niraj Shah
Partner
M No. 141177
UDIN: 24141177BKEIZZ1955

Place: Vadodara
Date: 17-05-2024

## રિસર્ચ આધારિત પોઝિટિવિટી - કામમાં પ્રવાહ કેમ જરૂરી છે ?

# જો કામમાં જુસ્સો હોય તો મગજ પણ પોતાની સંપૂર્ણ ક્ષમતા સાથે કામ કરે છે

આપણે સહુએ એવા કલાકારો અંગે સાંભળ્યું છે, જે પોતાના કામમાં એટલા ખોવાઈ જાય છે કે, ખાવા-પીવાનું, ઊંઘવાનું પણ ભૂલી જતા હતા. તેમના માટે જ્યારે શબ્દ, સંગીત નોટ્સ અને રંગ તેમની ચેતનામાંથી વહે છે, તો હકીકતમાં કંઈ પણ રાખતું નથી. એક દોડવીર દોડવાની ક્રિયામાં હોય છે તો તેના બૂટ તાલ મિલાવીને ફૂટપાથ સાથે અથડાય છે. તે સંપૂર્ણપણે અનુભવમાં ડૂબેલો હોય છે. માત્ર પ્રવાહ હોય છે. આ પ્રવાહની સ્થિતિનો અર્થ છે- કોઈ ગતિવિધિમાં પૂર્ણ રીતે સામેલ થઈ જતાં અહંકાર દૂર થઈ જવો, સમયનું ભાન ન હોવું.

ક્રિયા, આંદોલન અને વિચાર જ્યારે અનિવાર્ય રીતે ચેતનાનું અનુસરણ કરે છે,અને તમારું સંપૂર્ણ અસ્તિત્વ તેમાં સામેલ છે અને તમે કૌશલ્યનો મહત્તમ ઉપયોગ કરો છો, તો આ એકાકાર થવાને જ શંકરાચાર્ય ‘એકાત્મ’ કહે છે. સવાલ છે કે, પ્રવાહ અથવા ફ્લોમાં આપણે આટલા ખુશ કેમ થઈએ છીએ?



અમેરિકન મનોવિજ્ઞાની ડો. મિહાલીના અનુસાર, માનવ મસ્તિષ્ક પ્રતિ સેકન્ડ માત્ર 110 બિટ માહિતી સંસાધિત કરી શકે છે. ઉદાહરણ તરીકે, કોઈની વાત સાંભળવામાં 60 બિટ લાગે છે. આ જ કારણ છે કે, આપણે એકસાથે બે લોકોને સાંભળી શકતા નથી. પરંતુ જ્યારે કોઈ મનપસંદ કામ કરતા હોઈએ છીએ તો આપણી સંપૂર્ણ ક્ષમતાઓ ઉપયોગમાં આવે છે,

તમામ 110 બિટ પ્રતિ સેકન્ડ, ખુશ રહેવા માટે મનનો પ્રવાહ આટલો મહત્ત્વપૂર્ણ કેમ છે? પ્રવાહની સ્થિતિમાં આવવાની સૌથી સારી રીત પોતાના જુસ્સાને શોધો.

ચાલો, સૌ સાથે મળીને... પાના નં. 1નું અનુસંધાન

સ્મારકને શ્રી એકનાથ રાનડેએ બનાવ્યું હતું. કાશ્મીરથી કન્યાકુમારી સુધી... દરેક દેશવાસીના હૃદયમાં આ આપણી સમાન ઓળખ છે. આ તે શક્તિપીઠ છે. જ્યાં માતા શક્તિએ કન્યા કુમારીના સ્વરૂપમાં અવતાર લીધો હતો. આ દક્ષિણ છેડે, માતા શક્તિએ તપસ્યા કરી અને એ ભગવાન શિવની રાહ જોઈ જે ભારતના ઉત્તરના છેડે હિમાલય પર બિરાજમાન હતા.

કન્યાકુમારી સંગમોના સંગમની ભૂમિ છે. આપણા દેશની પવિત્ર નદીઓ જુદા જુદા સમુદ્રોમાં જઈને મળે છે અને અહીં તે સમુદ્રોનો સંગમ થાય છે. અહીં બીજો એક મહાન સંગમ દેખાય છે - ભારતનો વૈચારિક સંગમ! અહીં, વિવેકાનંદ શિલા સ્મારકની સાથે જ સંત તિરુવલ્લુવરની વિશાળ પ્રતિમા, ગાંધી મંડપમ અને કામરાજર મણિ મંડપમ છે. મહાન વીરોના વિચારોની આ ધારાઓ અહીં રાષ્ટ્રીય વિચારનો સંગમ રચે છે. જેઓ ભારત એક રાષ્ટ્ર અને દેશની એકતા પર શંકા કરે છે, તેમને કન્યાકુમારીની આ ધરતી એકતાનો અમીટ સંદેશ આપે છે. કન્યાકુમારીમાં સંત તિરુવલ્લુવરની વિશાળ પ્રતિમા સમુદ્રમાંથી મા ભારતીના વિસ્તરણને જોઈ રહી હોય તેવું લાગે છે. તેમનું સર્જન ‘થિરુક્કુરલ’ તમિલ સાહિત્યના રત્નોથી જડેલા તાજ જેવું છે. તેમાં જીવનના દરેક પાસાઓનું વર્ણન કરે છે, જે આપણને પોતાના અને રાષ્ટ્ર માટે શ્રેષ્ઠ આપવા માટે પ્રેરણા આપે છે. આજે ભારતનું ગવર્નન્સ મોડલ વિશ્વના ઘણા દેશો માટે ઉદાહરણ બની ગયું છે. માત્ર 10 વર્ષમાં 25 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા એ અભૂતપૂર્વ છે.ગરીબોના સશક્તીકરણથી લઈને સમાજના છેવાડાના વ્યક્તિને પ્રાથમિકતા આપવાના અમારા પ્રયાસોએ વિશ્વને પ્રેરણા આપી છે. નવા ભારતનું આ સ્વરૂપ આપણને ગર્વ અને ગૌરવથી ભરી દે છે, પરંતુ સાથે સાથે તે 140 કરોડ દેશવાસીઓને તેમના કર્તવ્ય પ્રત્યે જાગૃત પણ કરાવે છે.

આજે આપણી પાસે આવી સુવર્ણ તક છે. ચાલો આગામી 25 વર્ષ માત્રને માત્ર રાષ્ટ્ર માટે જ સમર્પિત કરીએ. આપણા આ પ્રયાસો આવનારી પેઢીઓ અને આવનારી સદીઓ માટે નવા ભારતના મજબૂત પાયા તરીકે અમર રહેશે. દેશની ઊર્જા જોઈને હું કહી શકું છું કે, ધ્યેય બહુ દૂર નથી. આવો, આપણે સાથે મળીને આગળ વધીએ અને ભારતને વિકસિત બનાવીએ. (આ વિચારો વડાપ્રધાન મોદીએ 1લી જૂને સાંજે 4 : 15થી સાંજે 7 વાગ્યાની વચ્ચે કન્યાકુમારીથી દિલ્હી પરત ફરતી ફ્લાઈટ દરમિયાન લખ્યા હતા.)

## અરવલ્લી જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે

# બડોદરા (પટેલના મુવાડા) દૂધ મંડળીના સભ્યોના તાલીમ વર્ગનું સમાપન યોજાયુ

મોડાસા : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ યોજના અંતર્ગત અરવલ્લી જિલ્લા સહકારી સંઘ, મોડાસાના ઉપક્રમે બડોદરા (પટેલના મુવાડા) દૂધ મંડળી ખાતે મંડળી ઉપરાંત બડોદરા સેવા મંડળી, વિષ્ણુપૂરાકંપા દૂધ મંડળી અને બડોદરા નવી વસાહત એમ ચાર સહકારી મંડળીઓના વ્યક્તિ કમિટી સભ્યોનો તાલીમ વર્ગ યોજાયો હતો. આ બે દિવસીય આ તાલીમ વર્ગનું સમાપન જિલ્લા સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ અને જિલ્લા સંઘના ડિરેક્ટર તાલુકા સંઘના ચેરમેન, જિલ્લા બેન્કના પૂર્વ એમ.ડી. અને આ મંડળીના ચેરમેન પંકજભાઈ પટેલની ઉપસ્થિતિમાં આ કરવામાં આવ્યું હતું.

આ બે દિવસીય તાલીમ વર્ગમાં સહકારી સંસ્થાઓમાં મેનેજમેન્ટ, કમિટી સભ્યોની જવાબદારીઓ અને નાણાકીય સંચાલન વિષે સુરેશભાઈ પટેલ અને જિલ્લા સંઘના ઓફિસર એક્ઝિક્યુટિવ હરિપ્રસાદ જોષીએ જાણકારી આપી હતી. આ તાલીમ વર્ગમાં મોટી સંખ્યામાં ચારેય મંડળીઓના વ્યક્તિ કમિટી સભ્યોએ ઉપસ્થિત રહીને તાલીમ મેળવી હતી જે પૈકી બડોદરા (પટેલના મુવાડા) દૂધ મંડળીના વ્યક્તિ કમિટી સભ્ય ભરતભાઈ સોમાભાઈ પટેલ અને કપિલાબેન બાબુભાઈ પટેલે તાલીમ અંગે પ્રતિભાવો આપ્યાં હતા અને તાલીમ વર્ગોમાં જાણકારી મળતી હોવાનું જણાવી જિલ્લા સંઘની આ કામગીરીને બિરદાવી હતી.આ વર્ગ દરમિયાન સંઘના કર્મચારીઓ, કુલદીપ પટેલ, હાર્દિક પટેલ અને યાજ્ઞિક પટેલે કાર્યક્રમની સફળતા માટે જહેમત ઉઠાવી હતી જ્યારે યજમાન મંડળી બડોદરા (પટેલના મુવાડા) દૂધ મંડળીનો સાથ સહકાર મળ્યો હતો.

# મહિલા ટેક્ષી ડ્રાઈવરોની જરૂર

ટેક્ષી ઓપરેટર અને લોજિસ્ટીક સર્વિસ આપતી કંપનીઓ આજકાલ પુરૂષ ડ્રાઈવર નહીં પણ મહિલા ડ્રાઈવરો જોબ પર રાખી રહી છે.

બજારમાં માલ પહોંચાડતા અને ઈકોમર્સની ડિલીવરી ટુ વ્હીલર પર કરતા સ્ટાફમાં મહિલાઓને સમાવાઈ રહી છે. જે મહિલાઓ મોડી રાત સુધી ઓફિસમાં કામ કરે છે તે મહિલા ડ્રાઈવરનો આગ્રહ રાખે છે. જોકે મહિલા ડ્રાઈવરોની સંખ્યા ખૂબ ઓછી હોઈ તેની ડિમાન્ડ કરનારાઓને રાહ જોવી પડે છે. મારૂતી ડ્રાઈવીંગ સ્કુલે ગયા વર્ષે 3,55,000 ડ્રાઈવરો તૈયાર કર્યા હતા જેમાં 44 ટકા મહિલાઓ હતી.

ગુજરાત વાર્ષિક... પાના નં. 4નું અનુસંધાન

ગુજરાતમાં 1,72,81,000 ટન દૂધનું ઉત્પાદન થયું હતું. ગુજરાતમાં વર્ષ 2018-19માં 1,44,94,000 ટન દૂધનું ઉત્પાદન થયું હતું. જેમાં 2022- 23 સુધીના 5 વર્ષમાં 27,88,000 ટનનો વધારો થયો છે. ગુજરાત સહિત દેશના તમામ રાજ્યોમાં જે કુલ દૂધનું ઉત્પાદન થાય છે. તેના અનુસંધાને ભારતમાં માથાદીઠ દૂધની સરેરાશ પ્રાપ્યતા 459 ગ્રામ જેટલી છે. જે ગુજરાતમાં માથાદીઠ 670 ગ્રામ જેટલી છે. દેશમાં સૌથી વધુ માથાદીઠ દૂધની પ્રાપ્યતા પંજાબમાં 1283 ગ્રામ, બીજા નંબરે રાજસ્થાનમાં 1138 ગ્રામ, ત્યારબાદ ત્રીજા ક્રમે હરિયાણામાં 1098 ગ્રામ, ચોથા નંબરે આંધ્રપ્રદેશમાં 799 અને પાંચમા ક્રમે ગુજરાતમાં 670 ગ્રામ જેટલી છે.

23 દેશોને પસંદ... પાના નં. 1નું અનુસંધાન

મોટી ચૂંટણીઓને ’પ્રશંસાથી’ જોઈ રહ્યું છે. જર્મન રાજદૂતે કહ્યું કે જ્યારે દેશ તેની આગામી સરકાર માટે મતદાન કરશે ત્યારે ભારતની છબી સમગ્ર વિશ્વમાં વધુ સારી રીતે જોવા મળશે. આ લોકશાહીની ઉજવણી છે, આપણે તેને યુરોપિયન આંખો દ્વારા જ જોઈશું. એટલે કે જર્મનીએ ’જેમ પોલ છે, એટલો જ અંદાજ’ની આગળ મુત્સદ્દીગીરીને ધપાવવાનું પસંદ કર્યું છે.

રસપ્રદ વાત એ છે કે, તમામ વિકસિત અને વિકાસશીલ દેશો ભારતની આંતરિક બાબતોમાં ઊંડી નજર અને રસ ધરાવે છે.

# ઉમા સહકારી શરાફી મંડળીનો રજત જયંતી મહોત્સવ ઉજવાયો

મોડાસા : મોડાસા ખાતે ધી ઉમા સહકારી શરાફી મંડળીને એના 25 વર્ષ પૂરા થવાના અવસરે રજત જ્યંતિ મહોત્સવ મંડળીના ચેરમેન શ્રી મણિલાલ કે. પટેલના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો. સમારોહનું ઉદઘાટન સ્થાપક ચેરમેન વસંતભાઈ આર. પટેલે દીપ પ્રગટાવીને કર્યું હતું.

આ મહોત્સવમાં તમામ સભાસદ ભાઈ-બહેનો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં મંડળીના સ્થાપક ચેરમેનથી માંડી વર્તમાન અને તમામ પૂર્વ ચેરમેનો, વા.ચેરમેનો, ડિરેક્ટરોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. પ્રારંભે મહેમાનોને આવકારવામાં આવ્યા હતા ત્યાર બાદ આંતરિક ઓડિટર કમલેશભાઈ આર. પટેલે 25 વર્ષના મંડળીના વહીવટ અંગે મુદ્દાસર વિગતો રજૂ કરવા સાથે શરાફી મંડળી દ્વારા કરવામાં આવતા ધિરાણ અને થતી 100 ટકા વસુલાત વિશે અને થાપણદારો અને સભાસદો દ્વારા મંડળીને મળતા સહકાર વિશે વિસ્તૃત ખ્યાલ આપ્યો હતો. જેમાં અતિથિવિશેષપદે જિલ્લા બેંકમાં પૂર્વ એમ.ડી. અને તાલુકા સંઘના ચેરમેન

**મંડળીના સ્થાપક ચેરમેનથી લઈને તમામ પદાધિકારીઓનું સન્માન**

સહકારી અગ્રણી પંકજભાઈ પટેલ, અરવલ્લી ચેમ્બર ઓફ કોમર્સના ચેરમેન કનુભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ, જીનના ચેરમેન વિમલભાઈ પટેલ અને જિલ્લા રજિસ્ટ્રારના પ્રતિનિધિ સુરેશભાઈ પટેલ સહિત ઉપસ્થિત સૌએ ઉમા શરાફી મંડળીની 25 વર્ષની આ યાત્રામાં પાયાથી લઈ આજ સુધીના તમામ હોદેદારો અને ડિરેક્ટરોને અને સંસ્થાના પૂર્વ મેનેજર અને વર્તમાન મેનેજર સહિતના સ્ટાફને આ સંસ્થાને વટવૃક્ષ બનાવવામાં આપેલ સહયોગ બદલ બિરદાવવામાં આવ્યા હતા.

# પાટણ જિલ્લા સહકારી સંઘની 26મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

પાટણઃ પાટણ જિલ્લા સહકારી સંઘ, પાટણની 26મી વાર્ષિક સાધારણ સભા તારીખ 30-05-2024ના રોજ સવારે 10.00 કલાકે સંઘના અધ્યક્ષશ્રી સુરેશભાઈ સી. પટેલના પ્રમુખ સ્થાને સંઘના કાર્યાલયમાં મળી હતી.

પાટણ જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ભરતભાઈ રાજપુરોહિત દ્વારા એજન્ડા મુજબ કામગીરી જેવી કે અંદાજપત્ર વાર્ષિક રૂપરેખાઓ, ઓડિટમેમો, સહકારી શિક્ષણ કાર્યક્રમ, ભાવિ આયોજન વિગેરે એજન્ડા મુજબ તમામ કામગીરીને સભામાં ઉપસ્થિત જિલ્લાની વિવિધ સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ સર્વાનુમતે મંજૂર કરેલ. આ સાથે ઉપસ્થિત સભ્યો સાથે ચર્ચા વિચારણા કરી સંતોષકારક કામગીરી થયેલ ભવિષ્યમાં સાથ અને સહકાર આપવા અનુરોધ કરવામાં આવેલ.

આ પ્રસંગે ઉપસ્થિત મુખ્ય મહેમાન અને પાટણ નાગરીક બેન્કના ચેરમેનશ્રી અને પાટણ નગરપાલિકાના પૂર્વ પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલ દ્વારા સહકારી સંસ્થાઓ શિક્ષણ તાલીમ યોજનાનો લાભ વ્યાપક પ્રમાણમાં લેવા અનુરોધ કરેલ.

આ પ્રસંગે જિલ્લા સંઘના અધ્યક્ષશ્રી સુરેશભાઈ પટેલ દ્વારા ઉદબોધન કરતાં



જણાવેલ કે જિલ્લા સંઘ દ્વારા હાલની પ્રવૃત્તિ ભવિષ્યમાં કઈ રીતે વધુને વધુ લેવો તે માર્ગદર્શન મેળવી સહકારી લાભો ઉત્કૃષ્ટ સેવાઓ સહકાર મંત્રાલય ઉપર વિશેષ છણાવટ કરી હતી.

સંઘના ડિરેક્ટર્સ અને સહકાર ભારતીના અધ્યક્ષશ્રી હરીભાઈ પટેલ દ્વારા વિશેષ ચર્ચા કરી જિલ્લા સંઘની પ્રવૃત્તિથી સભ્યોને માહિતગાર કરેલ. આ પ્રસંગે સંઘના ડિરેક્ટર્સશ્રી વાઘજીભાઈ ચૌધરી જેઓ હારીજ માર્કેટ યાર્ડના ચેરમેન તરીકે વરણી થયેલ હોઈ તેમજ મહેન્દ્રભાઈ પટેલ અને હરીભાઈ જેમણે ક્રેડિટ મંડળીનું કાર્યક્ષેત્ર રાજ્ય પુરતું કરેલ હોવાથી વિશેષ આ ત્રણેય મહાનુભાવોનું સાલથી સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે બહોળી સંખ્યામાં મંડળી પ્રતિનિધિઓ ભાગ લીધેલ કાર્યક્રમનું સંચાલન શ્રી ડી.પી. પટેલ દ્વારા કરવામાં આવેલ.

# ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપ. બેન્ક દ્વારા પર્યાવરણ દિનની ઉજવણી

અમદાવાદ : વિશ્વ પર્યાવરણ દિન નિમિતે રાજ્યની અગ્રિમ હરોળની મલ્ટી સ્ટેટ શિડયુલ્ડ બેંક ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપ. બેંક લિ. ધ્વારા પર્યાવરણની જાળવણીના હેતુથી ૧,૦૦,૦૦૦ વૃક્ષોના વૃક્ષારોપણનો શુભ સંકલ્પ લેવામાં આવ્યો છે અને આજ રીતે વૃક્ષોનું જતન કરવાનું ભગીરથ કાર્ય ચાલુ રાખવામાં આવશે જેની શુભ શરૂઆત કરવામાં આવેલ છે.

કાલુપુર બેંક ધ્વારા AMC ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, ખોખરા ખાતે, કઠવાડા જી.આઈ.ડી.સી, એપોલો હોસ્પિટલ, ગાંધીનગર, શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ, ગાંધીનગર અને મેઘમણી ઓર્ગેનીક્સ, વટવા ખાતે આશરે ૭૦૦ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજી વિશ્વ પર્યાવરણ દિનની ગૌરવભેર ઉજવણી કરી હતી.




**અમેરિકામાં નવા રિસર્ચમાં 71% લોકોમાં એલર્જીનો દર ઓછો જોવા મળ્યો**

# બાળકોને મગફળી ખવડાવવાથી મોટાં થાય ત્યારે એલર્જીનું જોખમ ઓછું રહે છે

એક નવા સ્ટડીથી જાણવા મળે છે કે બાળકોને મગફળીનું બટર, સૂપ અને પ્રોડક્ટ ખવડાવવાથી મોટાં થાય ત્યારે તેમનામાં એલર્જીનું જોખમ ઓછું રહે છે. પાંચ વર્ષની ઉંમરથી બાળકોને મગફળીની પ્રોડક્ટ આપવાથી તેમનામાં વયસ્ક ઉંમરમાં એલર્જીનો દર 71% સુધી ઘટ્યો છે. અમેરિકાની નેશનલ હેલ્થ ઈન્સ્ટિટ્યૂટ્સ (એનઆઈએચ) અને નેશનલ એલર્જી, સંક્રામક બીમારી ઈન્સ્ટિટ્યૂટ (એનઆઈએઆઈડી) એ આ અભ્યાસ કરાવ્યો છે.

આ પહેલાં એક અન્ય રિસર્ચમાં અડધાં બાળકોને પાંચ વર્ષની ઉંમરથી મગફળી અને તેની પ્રોડક્ટ રોજ ખવડાવવામાં આવી. ત્યારે અડધાં બાળકોએ આ સમયગાળામાં મગફળીની પ્રોડક્ટ ન ખાધી. શોધકર્તાઓને જાણવા મળ્યું કે



મગફળી ખાનારાં બાળકોમાં મગફળીથી એલર્જીનું જોખમ 81% ન ઘટી ગયું.

મૂળ સ્ટડીમાં ભાગ લેનારા 640 લોકોમાંથી 508ને નવા સ્ટડીમાં સામેલ કરાયા. તેમાંથી 255 મગફળી ખાનારા ગ્રૂપ અને 253 ન ખાનારા ગ્રૂપનો ભાગ છે. નવા સ્ટડીના લોકોનું સરેરાશ આયુષ્ય 13 વર્ષ હતું. મગફળી ન ખાનારા ગ્રૂપમાં 15%થી વધુ લોકોને 12 વર્ષ કે વધુ ઉંમરમાં મગફળીથી એલર્જી થઈ ગઈ. મગફળી ખાનારા ગ્રૂપમાં માત્ર 4.4%ને મગફળીથી એલર્જી થઈ.

# વિશ્વમાં સૌથી મોંઘી બેંકનોટ 27 કરોડમાં વેચાયેલી

એસ. એસ. શિરાલા નામના 1918માં ડૂબી ગયેલા બ્રિટિશ જહાજમાંથી ડૂબી ગયેલી બ્રિટિશ ઈન્ડિયા શાસનકાળની 10-10 રૂપિયાની બે ચલણી નોટો 12.70 લાખ રૂપિયામાં વેચાઈ તેની ભારે ચર્ચા છે. આ પૈકી એક નોટ 6.90 લાખ રૂપિયામાં જ્યારે બીજી નોટ 5.80 લાખ રૂપિયામાં વેચાઈ હતી.

જૂની નોટોની આ કિંમત બહુ ઊંચી છે પણ અત્યાર સુધીમાં કોઈ બેંક નોટનો સૌથી ઊંચી કિંમતે વેચાવાનો રેકોર્ડ અમેરિકાની નોટનો છે. અમેરિકામાં 10 જાન્યુઆરી, 2014ના રોજ થયેલા હેરિજેટ ઓક્શનમાં અમેરિકન સરકારની 1890ની 1000 ડોલરની નોટ 32.9 લાખ અમેરિકન ડોલર એટલે કે લગભગ 27 કરોડ રૂપિયામાં વેચાઈ હતી. આ રકમ આંખો પહોળી થઈ જાય એટલી છે પણ જૂના ચલણી સિક્કાની સરખામણીમાં કંઈ નથી. 2021માં થયેલી હરાજીમાં 1933નો ડબલ ઈગલ સિક્કો 1.89 કરોડ ડોલર એટલે કે લગભગ રૂપિયા 150 કરોડમાં વેચાયો હતો.

# વલસાડના શિક્ષકની અનોખી બેંક : અહીં રૂપિયા નહિ, બીજનો વ્યવહાર થાય છે

વલસાડ : વલસાડમાં શિક્ષક તરીકે ફરજ બજવતા નિરલ પટેલ છેલ્લાં 4 વર્ષથી પર્યાવરણ સંરક્ષણ માટેનું કાર્ય કરી કરી રહ્યા છે પર્યાવરણ સંરક્ષણ માટે આજથી ચાર વર્ષ પહેલા બીજ બેંક બનાવી હતી અને તેમાં 300-400 પ્રકારના અલગ અલગ દુર્લભપ્રજાતિના વૃક્ષોના બીજ એકત્રિત કરી ને પ્રકૃતિ પ્રેમી લોકોમાં વિનામૂલ્યે વિતરણનું અભિયાન ચાલુ કર્યું હતું.

છેલ્લા ચાર વર્ષેથી બીજ બેંકનું કાર્ય બીજનો સંગ્રહ કરવો અને લોકોમાં વિના મૂલ્યે વિતરણ કરવાનો રહ્યો છે અત્યાર સુધી સમગ્ર ભારતમાં વિના મૂલ્ય બીજ વિતરણ અભિયાન હેઠળ એક કરોડ કરતાં પણ વધારે બીજનું વિતરણ કરી ઈન્ડિયા બૂક ઓફ રેકોર્ડ તેમજ વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. ઉત્તર પ્રદેશ રાજ્યપાલ આનંદીબેન પટેલ હસ્તક પર્યાવરણ સંરક્ષણ એવોર્ડ પણ મેળવી ચૂક્યા છે. મુખ્ય મંત્રી દ્વારા પ્રશસ્તિ પત્ર પણ તેમને એનાયત થયું છે.

ગુજરાતથી શરૂ કરેલ આ કાર્ય આજે સમગ્ર ભારત સુધી વિસ્તરી ચૂક્યું છે જેમાં અત્યાર સુધી લાખો વ્યક્તિ સુધી બીજ પહોંચતા કરવામાં આવ્યા છે અને દૂરના વિસ્તારમાં પોસ્ટ કે કુરિયરના માધ્યમથી બીજ પહોંચતા કરવામાં આવી રહ્યા છે દુર્લભ પ્રજાતિના વૃક્ષોને બચાવવા માટે એક વિશેષ પ્રકારનું અભિયાન ચાલુ છે, જેમાં પીળો કેસુડો, ભીલામો, કુમકુમ, પાટલા, ગરુડ ફળી, ધવલો, ટેટુ, પીળો શીમળો, સફેદ ખાખરો, ખીજડો, રગત રોહિડો, કુંભિ, રુખડો જેવા વૃક્ષોના બીજ જંગલમાંથી મેળવી તેને પ્રકૃતિ પ્રેમી મિત્રોમાં વિતરણ કરવામાં આવે છે. આવનાર સમયમાં આ અભિયાનને વધારે વેગ મળે અને લોકોમાં પર્યાવરણ પ્રત્યે સભાનતા આવે એવા પ્રયાસ કરવામાં આવે છે.

**પ્રકૃતિનું હનન થઈ રહ્યું છે, તેથી તેનું સંરક્ષણ એ જ ધ્યેય :**

બીજ મેળવવા માટે ભારતના વિવિધ જંગલોમાં રૂબરૂ મુલાકાત લઈ લુપ્ત થતાં વૃક્ષની ભાળ મેળવી તેના બીજ કલેક્શન કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. અમુક વૃક્ષો માત્ર આંગળાંના વેઢા પર જ ગણાય એટલી માત્રામાં બચ્યા છે. તો એને વધુ ઉગાડવા માટે નો પ્રયાસ કરી રહ્યા છીએ આજે આપણે પૈસા કમાવવાની દોડમાં પ્રકૃતિનું હનન કર્યું છે ત્યારે આપડે જ ગંભીર બની ને પર્યાવરણ સંરક્ષણનું કાર્ય કરવું પડશે.

# બામ્બુમાંથી મેળવાતા એક્ટિવેટેડ કાર્બન વિશે માહિતી

ગુજરાતમાં આવેલ રાજપીપળા અને આજુબાજુના જંગલમાં લોપ્સ અને લોપ્સ ઓફ ટીકવુડમાંથી બનતા એક્ટિવેટેડ ચારકોલ (કાર્બન) ઈન્ડસ્ટ્રીઓએ એક્ટિવેશન ચારકોલ બનાવવાની શરૂઆત કરી છે. પરંતુ આ કાર્બનમાં વધારે પ્રમાણની એસ અને વધારે પ્રમાણમાં આ એસ એસિડમાં અનસોલ્યુબલ છે. આ ચારકોલ લો-એસિડ અને લો-એસ સોલ્યુબલ પ્રકારના ન હોવાને કારણે ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ માટે અયોગ્ય સાબિત થયેલ છેઃ લો-એસ અને લો-એસિડ સોલ્યુબલ એક્ટિવેટેડ ચારકોલ ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ માટે ખૂબ જ અગત્યનું રસાયણ છે. ત્યારે બીજા સ્ટેટ જેવા કે ઉત્તર પ્રદેશના ઝાડમાંથી મેળવાતા એક્ટિવેટેડ કાર્બન સિન્થેટીક ડ્રગ અને એન્ટીબાયોટિક યુનિટ માટે ખૂબ જ અનુકૂળ સાબિત થયેલ છે.

બામ્બુ ઉગાડવા માટે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ તરફથી પરમિશન લેવામાં આવે છે. ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ બામ્બુ ઉગાડવા માટે જગ્યા લીઝ ઉપર ફાળવી આપવાનું કામ કરે છે. ત્યારબાદ પરમિટ અને લાઈસન્સ ઈન્ડિવિઝ્યુઅલ ઈસ્યુ કરી આપે છે. ત્યારબાદ રોપણી કરવામાં આવે છે. રોપણી બાદ ત્રણ વર્ષે હાર્વેસ્ટીંગ કરી લેવામાં આવે છે.. ત્યારબાદ બામ્બુમાંથી એક્ટિવેટેડ કાર્બન બનાવી શકાય છે. પરંતુ આ પ્રકારના એક્ટિવેટેડ કાર્બન મેન્યુફેક્ચરો મોટા પ્લેઅરો હોતા નથી કે જે બામ્બુનું મોટાપાયે ક્લોરિનેશન, કાર્બોનાઈઝેશન અને એક્ટિવેશન કરી શકે.

ભારતમાં બામ્બુનું ઉત્પાદન મધ્યપ્રદેશમાં 0.627 ટન, નોર્થ કર્ણાટકા 1.983 ટન, ગુજરાત ડાંગ



ડિવિઝન 1.957 અને આસામમાં 3.16 ટન જેટલું આકવામાં આવેલ છે. ટોટલ 2.5 થી 3.5 મિલિયન ટન જેટલું આંકી શકાય. બામ્બુ પલ્પ પ્રિન્ટીંગ પેપર માટે ખૂબ જ અનુકૂળ સાબિત થયેલ છે.

**કાર્બોનાઈઝેશન :** બામ્બુને પાર્ટલી કાર્બોનાઈઝેશન માટેનું ટેમ્પ્રેચર 180 સે.ગ્રેડ તાપમાન રાખવામાં આવે છે. અને 450 સે.ગ્રેડ તાપમાને ફીનિશ કરવામાં આવે છે. તેમાંથી બામ્બુ ઓઈલ અને વિનેગારને અહીં ડિસ્ટીલેશન કરવામાં આવે છે.

**રિફાઈનિંગ :** ચારકોલને રિફાઈન કરવાથી ક્વોલિટીમાં સુધારો થાય છે. તેમજ 350 સે. ગ્રેડ તાપમાને ચારકોલનો સરફેસ એરિયામાં વધારો થાય છે

**મોઈચર :** સારા પ્રકારના બામ્બુ ચારકોલ માટે મોઈચર કન્ટેન્ટ ખૂબ જ જરૂરી હોય છે. બામ્બુમાં મોઈચર કન્ટેન્ટ ઉપરના ભાગમાં હોય છે.

**એક્ટિવેટેડ કાર્બન :** (એક્ટિવકાર્બન, એક્ટિવેટેડ ચારકોલ) જે વુડ, નટર્સલ, એનિમલ બોન ને ડિસ્ટીલેશન કરીને ચારકોલને મેળવવામાં આવે છે.

**ઉપયોગ :** એક્ટિવેટેડ કાર્બનનોઉપયોગ સુગરને ડી-કલરાઈઝેશન, વોટર એ એર પ્યુરીફીકેશન, સોલવન્ટ રીકવરી, વેસ્ટ ટ્રીટમેન્ટ, કેટલિસ ઓફ નેચરલ ગેસ, બ્રેવરીઝ, કીમિયમ ઈલેક્ટ્રો પ્લેટીંગ અને એર-ફ્રીશન પ્રકારના ઉપયોગોમાં વપરાય છે.

**લાઈસન્સ :** ધ લાઈસન્સ અંડર ધ ઈન્ડસ્ટ્રીઝ એક્ટ એન્ડ ક્લીયરન્સ ફ્રોમ એક્સપ્લોજીવ અને પોલ્યુસન કન્ટ્રોલ બોર્ડ જરૂરી બને છે.

# ધાતુઓ ભળતાં નદીનું પાણી ઝેરીલું બની ગયું

પૃથ્વીના સ્તર સાથે ચેડાં કરવાનું શું પરિણામ આવી શકે તેનો અનુભવ લોકોને અલાસ્કામાં થઈ રહ્યો છે. અલાસ્કામાં નદીઓનાં પાણી પહેલાં કાચ જેવાં સ્વચ્છ ને પારદર્શક હતાં.

પછી સફેદ થવા માંડ્યાં, પછી વાદળી થયાં ને હવે પાણીનો રંગ નારંગી થઈ ગયો છે. આ વિજ્ઞાનીઓના મતે, પૃથ્વીનું પર્માફ્રોસ્ટ પિગળી રહ્યું હોવાથી જમીનની અંદરથી લોહ, જસત, સીસું, તાંબુ, નિકલ વગેરે ધાતુઓ બહાર આવીને પાણી સાથે ભળી રહી હોવાથી પાણીનો રંગ સતત બદલાઈ રહ્યો છે. આ ધાતુઓ પાણીમાં ભળવાથી આ પાણી પણ ઝેરીલું બની રહ્યું છે. આ જ રીતે ધાતુઓ પાણીમાં ભળ્યા કરશે તો ભવિષ્યમાં આ નદીઓનાં પાણી બિલકુલ વાપરવા યોગ્ય જ નહીં રહે. વિજ્ઞાનીઓનું કહેવું છે કે, નદીઓમાંથી ગેરકાયદેસર રીતે રેતી કાઢવા માટે ઊંડે સુધી ખોદકામ થઈ રહ્યું છે તેની આ અસર છે.

# 34 કરોડ દુર્લભ દસ્તાવેજોને ડિજિટલ કરી અપલોડ કરાશે

નવી દિલ્હી : ભારતના દસ્તાવેજી વારસાનો ખજાનો ખૂલવા જઈ રહ્યો છે. હવે સામાન્ય લોકો પણ મોબાઈલ અને લેપટોપ પર ઝાંસીની રાણીના પત્રો, અંગ્રેજોના સમયના રેકોર્ડ્સ, મોગલ અને તુઘલક સલ્તનતના આદેશો જેવા દુર્લભ દસ્તાવેજો જોઈ શકશે. ભારતીય આર્કાઈવ્સ તેની સત્તાવાર વેબસાઈટ પર 34 કરોડ દસ્તાવેજોની ડિજિટલ નકલો અપલોડ કરશે, ઈન્ડિયન આર્કાઈવ્સે દર મહિને લગભગ 1.5 કરોડ રેકોર્ડ્સને ડિજિટલ ફોર્મેટમાં કન્વર્ટ કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. દરરોજ 6 લાખ રેકોર્ડ સ્કેન કરવામાં આવી રહ્યા છે. ભારતીય આર્કાઈવ્સના 4 કરોડ દસ્તાવેજો ડિજિટલ છે.


NOWANUGGUR DURBAR GAZETTE.

હાલમાં, અમેરિકાનું નેશનલ આર્કાઈવ 100 મિલિયન ડિજિટલ દસ્તાવેજો સાથે વિશ્વમાં પ્રથમ ક્રમે છે. ભારત આગામી ચાર મહિનામાં ડિજિટલ દસ્તાવેજોમાં અમેરિકાને પાછળ છોડી દેશે.

**1 હજાર નિષ્ણાતોની ટીમ શિફ્ટમાં કામ કરે છે :**

ડિજિટલાઈઝેશન માટે 1000 નિષ્ણાતોની ટીમ 24 કલાક અલગ-અલગ શિફ્ટમાં કામ કરી રહી છે. જૂના દસ્તાવેજોને નુકસાન ન થાય તે માટે હેરિટેજ બિલ્ડિંગમાંથી દસ્તાવેજોને એનેક્સીમાં લઈ જવા માટે એરકન્ડિશન્ડ કોરિડોર બનાવવામાં આવ્યો છે. 38 વર્ષમાં 34 કરોડ દસ્તાવેજો ડિજિટલ થઈ શક્યા હોત.



# ખૂબ ખૂબ અભિનંદન

ગુજરાતના પનોતા પુત્ર, સહકારથી સમૃદ્ધિના સ્વપ્રદૃષ્ટા ભારતના યશસ્વી વડાપ્રધાન આદરણીય ...

**શ્રી નરેન્દ્રભાઈ મોદીને**

ઐતિહાસિક સીમાચીન્હ સિદ્ધિ મેળવી સતત ત્રીજી વખત દેશના વડાપ્રધાન થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન, આપના નેતૃત્વમાં દેશ 5 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બની મહાસત્તા બને તેવી શુભકામનાઓ.

તથા

ગાંધીનગર લોકસભા મત વિસ્તારના લોકપ્રિય સાંસદ આદરણીય

**શ્રી અમિતભાઈ શાહને**

સતત બીજી વખત કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી તરીકે નિમણૂક થવા બદલ ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા ખૂબ ખૂબ અભિનંદન અને આપના ગૃહ અને સહકાર પ્રધાન તરીકેના નેતૃત્વમાં ભારત સફળતા અને વિકાસના નવા સીમાચીન્હ હાંસલ કરે તેવી શુભકામનાઓ.



**શ્રી જે. પી. નડ્ડા**
આરોગ્ય-પરિવાર કલ્યાણ અને કેમિકલ એન્ડ ફર્ટીલાઝર્સ (કેબિનેટ મંત્રી)



**શ્રી મનસુખભાઈ માંડવીયા**
શ્રમ અને રોજગાર, યુવક સેવા અને રમત-ગમત (કેબિનેટ મંત્રી)



**શ્રી સી. આર. પાટિલ**
જલશક્તિ મંત્રાલય (કેબિનેટ મંત્રી)



**શ્રી એસ. જયશંકર**
વિદેશ મંત્રાલય (કેબિનેટ મંત્રી)



**શ્રીમતી નિમુબેન બાંભણીયા**
ગ્રાહક સુરક્ષાની બાબતો, ફુડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન (રાજ્યકક્ષાના મંત્રી)

ગુજરાતના પનોતા પુત્ર, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મંત્રીમંડળ 3.0માં ગુજરાતમાંથી સમાવેશ થવા બદલ તમામને અભિનંદન અને શુભેચ્છાઓ.

## ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ

**શ્રી ઘનશ્યામભાઈ એચ. અમીન**
ચેરમેન

**શ્રી કે. ટી. પરીખ**
વાઈસ ચેરમેન

**શ્રી ભીખાભાઈ ઝ. પટેલ**
માનદ્ મંત્રી

**શ્રી અરવિંદભાઈ ડી. તાગડીયા**
માનદ્ મંત્રી

બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ


# ગુજરાત વાર્ષિક 1,72,81,000 ટન દૂધના ઉત્પાદન સાથે દેશમાં 4થા ક્રમે

ગાંધીનગર : સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1લી, જૂને વિશ્વ દૂધ દિવસની ઉજવણી કરાય છે. જેનો મુખ્ય હેતુ દૂધ ઉત્પાદન પ્રવૃત્તિઓમાં વૃદ્ધિ કરીને ડેરી ક્ષેત્રનો વિકાસ કરવાનો અને દૂધના પૌષ્ટિક મૂલ્યો વિશે લોકોને સમજાવી દૈનિક આહારમાં દૂધના વપરાશનો સમાવેશ કરવાનો છે. વિશ્વ દૂધ દિવસની શરૂઆત સંયુક્ત રાષ્ટ્રની સહસંસ્થા ખાદ્ય અને કૃષિ સંગઠન દ્વારા 1લી, જૂન 2001માં કરવામાં આવી હતી અને ખાદ્ય-કૃષિ સંગઠનની સ્થાપના 16મી, ઓક્ટોબર 1945ના રોજ કરવામાં આવી હતી. જેમાં હાલમાં કુલ 195 સભ્ય દેશો સામેલ છે,



**દેશમાં દૂધના ઉત્પાદનમાં ઉત્તરપ્રદેશ 3,62,42,000 ટન સાથે પ્રથમ નંબરે, રાજસ્થાન 3,33,07,000 ટન, ત્રીજા ક્રમે મધ્યપ્રદેશ 2,01,22,000 ટન અને 1,72,81,000 ટન સાથે ગુજરાત દેશમાં ચોથા નંબરે**

વિશ્વમાં એક દિવસમાં 250 કરોડ લીટર દૂધનું ઉત્પાદન થાય છે., જેમાં ભારતમાં રોજ 60 કરોડ લીટર અર્થાત વિશ્વમાં જેટલું દૂધનું ઉત્પાદન થાય છે. તેના 24.64 ટકા દૂધનું ઉત્પાદન ભારતમાં થાય છે અને એમાં પણ ભારતના એક રાજ્ય તરીકે ગુજરાતમાં રોજનું 319 લાખ લીટર દૂધનું ઉત્પાદન થાય છે. જેના કારણે ગુજરાતના ગામડા સ્વાવલંબી બન્યાં છે.

નાબાર્ડના છેલ્લા અહેવાલ મુજબ દેશમાં વર્ષ 2022-23માં કુલ 23,05,77,000 ટન દૂધનું ઉત્પાદન થયું હતું. જેની સામે દેશમાં પ્રથમ ક્રમે ઉત્તરપ્રદેશમાં 3,62,42,000 ટન દૂધનું ઉત્પાદન થયું હતું. જ્યારે બીજા ક્રમે રાજસ્થાનમાં 3,33,07,000 ટન, ત્રીજા નંબરે મધ્યપ્રદેશમાં 2,01,22,000 ટન, ચોથા નંબરે

અનુસંધાન પાના નંબર : 2

### ગાંડા બાવળ અને ગાયના ગોબરમાંથી સી.એન.જી. ગેસ ઉત્પન થશે

# દેશમાં સૌથી પ્રથમ ગેસ ઉત્પાદન કરતો પ્લાન્ટ દુદાપુરમાં સ્થાપિત કરાયો

વઢવાણ : સુરેન્દ્રનગર જિલ્લાના દુદાપુર ગામે ગાંડા બાવળ અને ગાયના ગોબરમાંથી સી.એન.જી. ગેસ ઉત્પાદન કરવાનો ભારતનો સૌ પ્રથમ પ્લાન્ટ સ્થાપિત કરાયો છે જે રૂ.125 કરોડના ખર્ચે પ્લાન્ટ ઊભો કરાયો છે. ભારતનો સૌથી પહેલો ગેસ ઉત્પાદન કરતો પ્લાન્ટ દુદાપુરમાં સ્થાપિત કરવામાં આવ્યો છે.

જે ગાયના ગોબર અને આજુબાજુના વિસ્તારના ગાંડા બાવળ તેમજ ખેતીના નકામા કચરાનો ઉપયોગ કરી અને સી.એન.જી. ગેસનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું છે. જેનાથી આજુબાજુના ગામોના માલધારીઓ અને પશુપાલકો પાસેથી ગોબર ખરીદી કરી અને આ પ્લાન્ટમાં ઉપયોગ લઈ અને પશુપાલકોને રોજગારી મળે તે પ્રકારના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. જેમાં સી.એન.જી. ગેસ ઉત્પન્ન કરવા ગાંડા બાવળનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે જેનાથી ભારતમાં નેપિયર ગ્રાસનો ઉપયોગ કરીને ગ્રાઉન્ડ હોકિંગ બાયોગેસ ટેક્નોલોજી અને પ્રોસેસ સિસ્ટમ્સ રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં ક્રાંતિ લાવશે. જે અત્યાધુનિક બાયોગેસ પ્લાન્ટના અનાવરણ સાથે ઐતિહાસિક સિદ્ધિને ચિહ્નિત કરે છે, નેપિયર ગ્રાસને પ્રાથમિક સબસ્ટ્રેટ તરીકે પાયોનિયરીંગ કરીને તેમના બાયો-સીએનજી પ્લાન્ટને ચાલુ કરવામાં આવ્યો છે.

ભારતના પ્રથમ બાયો-સીએનજી પ્લાન્ટ તરીકે નેપિયર ગ્રાસ, જે તેની ઝડપી વૃદ્ધિ અને ઉચ્ચ બાયોમાસ માટે



**- પશુપાલકોને રોજગારી મળે તેવા પ્રયાસો શરૂ કરાયા**
**- નેપિયર ગ્રાસનો ઉપયોગ કરી રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં ક્રાંતિ લવાશે**

જાણીતું છે, તે બાયોગેસ ઉત્પાદન માટે શ્રેષ્ઠ ફીડસ્ટોક તરીકે ઉભરી આવે છે. આ પ્રોજેક્ટ બાયો ફ્યુઅલ, બાયો કેમિકલ્સ અને બાયો ફર્ટિલાઈઝર્સના ઉત્પાદન દ્વારા વેસ્ટ-ટુ-વેલ્થ કન્વર્ઝન અને પર્યાવરણીય સંરક્ષણ તરફની સફરમાં નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે. તે ભારત સરકારના નેટ ઝીરો લક્ષ્યો સાથે સંરેખિત છે, ટકાઉ ભવિષ્યમાં યોગદાન આપે છે. તેની માલિકીની એન્ઝાઈમેટિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને, કેમ પ્રોસેસ સિસ્ટમ્સ તેના પ્રોજેક્ટ પાર્ટનર ઉઝાલા બાર્યો એનર્જી સોલ્યુશન્સ સાથે મળીને નોંધપાત્ર રીતે કાર્યક્ષમ રૂપાંતરણ પ્રક્રિયાને એન્જીનિયર કરી છે.

### 2023-24માં ભારતનો કુલ સોનાનો જથ્થો 27.46 મેટ્રિક ટન વધીને 82 મેટ્રિક ટન થયો

# ભારત બ્રિટનથી 100 મેટ્રિક ટન સોનું પરત લાવ્યું

મુંબઈ : ભારત બ્રિટનની તિજોરીમાં રહેલું 100 મેટ્રિક ટન સોનું 2023-24માં ભારત પરત લાવ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, 1991 પછી પહેલી વખત ભારતે આટલા મોટા પ્રમાણમાં સોનાની હેરફેર કરી છે.

ભારતે 1991માં વિદેશી હૂંડિયામણની કટોકટીમાંથી બહાર આવવા સોનાનો મોટો હિસ્સો ગીરવે મૂક્યો હતો. 2023-24માં ભારતનો કુલ સોનાનો જથ્થો 27.46 મેટ્રિક ટન વધીને 822 મેટ્રિક ટન થયો છે. સૂત્રો



અનુસાર દેશના સોનાનો નોંધપાત્ર હિસ્સો વિદેશમાં છે. અન્ય દેશોની જેમ ભારતનું સોનું પણ બેન્ક ઓફ ઇંગ્લેન્ડમાં છે. 100 ટન સોનું દેશમાં પરત લાવવાને કારણે ભારતમાં રાખવામાં આવેલો સોનાનો કુલ જથ્થો 408 મેટ્રિક ટન થયો છે. એનો અર્થ એ થયો કે, ભારતનું સોનું દેશ અને વિદેશમાં હવે લગભગ સમાન હિસ્સામાં છે.

રિઝર્વ બેન્કે 2023-24ના વાર્ષિક અહેવાલમાં જણાવ્યું હતું કે, વિદેશમાં રાખવામાં આવેલું ભારતનું સોનું 413.79 મેટ્રિક ટન છે. સૂત્રોના જણાવ્યા અનુસાર છેલ્લા કેટલાક વર્ષમાં સોનાની ખરીદીને પગલે ભારતે વિદેશમાંથી સોનાનો જથ્થો ઘટાડવાનો નિર્ણય લીધો છે.

# મોદી 3.0 મંત્રાલય



**નરેન્દ્રભાઈ મોદી :** વડાપ્રધાન; લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલય, પરમાણુ ઊર્જા વિભાગ; અવકાશ વિભાગ; તમામ મહત્ત્વના નીતિગત મુદ્દા; અને અન્ય તમામ વિભાગો જે કોઈપણ મંત્રીને ફાળવવામાં આવ્યા નથી.

| નામ | રાજ્ય | મંત્રાલય |
|---|---|---|
| રાજનાથ સિંહ | યુપી | સંરક્ષણ |
| અમિત શાહ | ગુજરાત | ગૃહ, સહકારિતા |
| નીતિન ગડકરી | મહારાષ્ટ્ર | માર્ગ પરિવહન |
| જેપી નડ્ડા | ગુજરાત | સ્વાસ્થ્ય, પરિવાર, કલ્યાણ, રસાયણ-ખાતર |
| શિવરાજ સિંહ ચૌહાણ | એમપી | કૃષિ, ગ્રામીણ વિકાસ, ખેડૂત કલ્યાણ |
| નિર્મલા સીતારમણ | કર્ણાટક | નાણા, કોર્પોરેટ અફેર્સ |
| એસ જયશંકર | ગુજરાત | વિદેશ |
| મનોહર લાલ ખટ્ટર | હરિયાણા | ઉર્જા-આવાસ, શહેરી વિકાસ |
| એચડી કુમાર સ્વામી | કર્ણાટક | સ્ટીલ, ભારે ઉદ્યોગ |
| પિયુષ ગોયલ | મહારાષ્ટ્ર | વાણિજ્ય-ઉદ્યોગ |
| ધર્મેન્દ્ર પ્રધાન | ઓડિશા | શિક્ષણ |
| જીતનરામ માંઝી | બિહાર | એમએસએમઈ વિભાગ |
| રાજીવ રંજન | બિહાર | પંચાયત રાજ, મત્સ્ય, પશુપાલન, ડેરી |
| સર્વાનંદ સોનોવાલ | આસામ | પોર્ટ, શિપિંગ, જળમાર્ગ |
| ડો. વીરેન્દ્ર કુમાર | એમપી | સામાજિક ન્યાય |
| રામમોહન નાયડૂ | આંધ્ર | નાગરિક ઉડ્ડયન |
| પ્રહલાદ જોશી | કર્ણાટક | ખાદ્ય, ઉપભોક્તા અને રિન્યુએબલ એનર્જી |
| જુએલ ઓરાંવ | ઓડિશા | આદિજાતિ બાબતો |
| ગિરિરાજ સિંહ | બિહાર | કાપડ મંત્રાલય |
| અશ્વિની વૈષ્ણવ | ઓડિશા | રેલ્વે, માહિતી, સૂચના પ્રસારણ આઈટી |
| જ્યોતિરાદિત્ય સિંધિયા | એમપી | ટેલિકોમ, પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ |
| ભૂપેન્દ્ર યાદવ | રાજસ્થાન | પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન |
| ગજેન્દ્ર શેખાવત | રાજસ્થાન | પર્યટન અને સંસ્કૃતિ |
| અન્નપૂર્ણા દેવી | ઝારખંડ | મહિલા અને બાળ વિકાસ |
| કિરણ રિજિજુ | અરુણાચલ | સંસદીય બાબતો, લઘુમતી મંત્રાલય |
| હરદીપ સિંહ પુરી | યુપી | પેટ્રોલિયમ, નેચરલ ગેસ |
| ડૉ. મનસુખ માંડવિયા | ગુજરાત | શ્રમ, રોજગાર, યુવા અને રમતગમત |
| જી. કિશન રેડ્ડી | તેલંગાણા | કોલસા, ખાણ |
| ચિરાગ પાસવાન | બિહાર | ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ |
| સીઆર પાટીલ | ગુજરાત | જલ શક્તિ |

## સ્વતંત્ર હવાલો

| નામ | રાજ્ય | મંત્રાલય |
|---|---|---|
| રાવ ઈન્દ્રજીત સિંહ | હરિયાણા | આંકડા-યોજના, સંસ્કૃતિ |
| ડૉ. જીતેન્દ્ર સિંહ | કાશ્મીર | વિજ્ઞાન, પૃથ્વી, પીએમઓ, કર્મચારી પરમાણું ઊર્જા |
| અર્જુન રામ મેઘવાલ | રાજસ્થાન | કાયદો, સંસદીય બાબતો |
| પ્રતાપ રાવ જાધવ | મહારાષ્ટ્ર | આયુષ, આરોગ્ય, કુટુંબ કલ્યાણ |
| જયંત ચૌધરી | યુપી | સ્કિલ ડેવલપમેન્ટ, શિક્ષણ |

## રાજ્ય મંત્રી

| નામ | રાજ્ય | મંત્રાલય |
|---|---|---|
| જિતિન પ્રસાદ | યુપી | વાણિજ્ય-ઉદ્યોગ અને IT |
| શ્રીપદ નાયક | ગોવા | ઉર્જા, રિન્યુએબલ એનર્જી |
| પંકજ ચૌધરી | યુપી | નાણા મંત્રાલય |
| કૃષ્ણપાલ ગુર્જર | હરિયાણા | સહકાર |
| રામદાસ આઠવલે | મહારાષ્ટ્ર | સામાજિક ન્યાય |
| રામનાથ ઠાકુર | બિહાર | કૃષિ અને ખેડૂત કલ્યાણ |
| નિત્યાનંદ રાય | બિહાર | ગૃહ મંત્રાલય |
| અનુપ્રિયા પટેલ | યુપી | આરોગ્ય-કુટુંબ કલ્યાણ, રસાયણ-ખાતર |
| વી સોમન્ના | કર્ણાટક | જલ શક્તિ, રેલ્વે |
| ચંદ્રશેખર પેમ્માસામી | આંધ્ર | ગ્રામીણ વિકાસ, ટેલિકોમ |
| એસપી સિંહ બઘેલ | યુપી | મત્સ્યોદ્યોગ, ડેરી, પંચાયતી રાજ |
| શોભા કરંદલાજે | કર્ણાટક | MSAE, શ્રમ અને રોજગાર |
| કીર્તિવર્ધન સિંહ | યુપી | પર્યાવરણ, વન, વિદેશ મંત્રાલય |
| બીએલ વર્મા | યુપી | ગ્રાહક બાબતો, ખાદ્ય, સામાજિક ન્યાય |
| શાંતનુ ઠાકુર | પં. બંગાળ | બંદરો, શિપિંગ, જળમાર્ગ |
| સુરેશ ગોપી | કેરળ | પેટ્રોલિયમ, સંસ્કૃતિ-પ્રવાસન |
| ડૉ. એલ. મુરુગન | મધ્યપ્રદેશ | માહિતી પ્રસારણ, સંસદીય બાબત |
| અજય તમતા | ઉત્તરાખંડ | માર્ગ પરિવહન, રાજમાર્ગ |
| બંડી સંજય કુમાર | તેલંગાણા | ગૃહ મંત્રાલય |
| કમલેશ પાસવાન | યુપી | ગ્રામીણ વિકાસ |
| ભગીરથ ચૌધરી | રાજસ્થાન | કૃષિ અને ખેડૂત કલ્યાણ |
| સતીશ ચંદ્ર દુબે | બિહાર | કોલસો, ખાણો |
| સંજય સેઠ | ઝારખંડ | સંરક્ષણ મંત્રાલય |
| રવનીત સિંહ બિટ્ટુ | પંજાબ | ફૂડ પ્રોસેસિંગ, રેલવે |
| દુર્ગાદાસ ઉઈકે | મધ્યપ્રદેશ | આદિજાતિ બાબતો |
| રક્ષા ખડસે | મહારાષ્ટ્ર | યુવા અને રમતગમત |
| સાવિત્રી ઠાકુર | મધ્યપ્રદેશ | મહિલા અને બાળ વિકાસ |
| સુકાંત મજુમદાર | પં. બંગાળ | શિક્ષણ, પૂર્વોત્તર વિકાસ |
| તોખાન સાહુ | છત્તીસગઢ | આવાસ- શહેરી બાબતો |
| ભૂપતિ રાજુ એસ વર્મા | આંધ્ર | ભારી ઉદ્યોગ, સ્ટીલ |
| હર્ષ મલ્હોત્રા | દિલ્હી | કોર્પોરેટ અફેર્સ |
| નિમુબેન બાંભણીયા | ગુજરાત | ખાદ્ય-જાહેર વિતરણ |
| મુરલીધર મોહોલ | મહારાષ્ટ્ર | સહકારિતા, નાગરિક ઉડ્ડયન |
| જ્યોર્જ કુરિયન | કેરળ | લઘુમતી બાબતો, મત્સ્યોદ્યોગ, પશુધન, ડેરી |
| પબિત્ર મારગેટ | આસામ | વિદેશ મંત્રાલય, કપડા મંત્રી |

# પ્રગતિ સહકારી બેંક લિ., વડોદરા

## તા. 31-03-2024ના રોજ પૂરાં થતાં વર્ષનું સરવૈયું

| તા. 31-03-2023 | | ભંડોળ તથા દેવું | | રૂા. પૈસા | તા. 31-03-2024 |
|---|---|---|---|---|---|
| 5,00,00,000.00 | 1. | શેર ભંડોળ | | | 5,00,00,000.00 |
| | | સત્તાધારી શેર ભંડોળ | | | |
| | | 50,00,000 શેર દરેક રૂા. 10નો | | | |
| | | ભરપાઈ થયેલું તથા વસૂલ આવેલું | | | |
| 1,99,15,300.00 | | શેર ભંડોળ | | | 1,97,21,700.00 |
| | | શેર દરેક રૂા. 10નો પૂરેપૂરો ભરાયેલો | | | |
| | | (બધા જ શેરો વ્યક્તિઓના સમૂહે ધારણ કરેલા છે. | | | |
| | | સહકારી સંસ્થા કે સરકારશ્રીને કોઈપણ શેર આપેલ નથી.) | | | |
| 72,64,11,921.00 | 2. | રિઝર્વ ફંડ તથા અન્ય રિઝર્વ | | | 75,13,90,846.00 |
| | | 1. રિઝર્વ ફંડ | | 34,08,70,440.00 | |
| | | 2. મકાન ફંડ | | 3,44,89,000.00 | |
| | | 3. શકમંદ લ્હેણાં ફંડ | | 19,12,82,781.00 | |
| | | 4. કન્ટીજન્ટ પ્રોવિઝન ફોર સ્ટાન્ડર્ડ એસેટ | | 81,87,000.00 | |
| | | 5. ડિવિડન્ડ ઇકવીલાઇઝેશન ફંડ | | 54,70,000.00 | |
| | | 6. સહકાર પ્રચાર ફંડ | | 74,03,000.00 | |
| | | 7. ધર્માદા ફંડ | | 79,49,000.00 | |
| | | 8. Contingency Fund | | 2,50,94,100.00 | |
| | | 9. સાયબર સીક્યુ. ફંડ | | 5,00,000.00 | |
| | | 10. ઈન્વેસ્ટમેન્ટ ફ્લક્ચ્યુએશન રિઝર્વ | | 8,25,22,000.00 | |
| | | 11. ઈન્વેસ્ટમેન્ટ ડેપ્રીસીએશન રિઝર્વ | | 32,50,000.00 | |
| | | 12. ઈન્કમટેક્ષ રિઝર્વ | | 10,00,000.00 | |
| | | 13. Bad Debt Prov. IT Sec 36 | | 3,19,01,000.00 | |
| | | 14. L.T.I.S. FIN. RES IT Sec 36 | | 71,01,000.00 | |
| | | 15. PROVISION AGAINST FRAUD | | 43,71,525.00 | |
| 3,09,51,81,744.81 | 3. | થાપણો તથા બીજા ખાતાઓ | | | 2,91,52,44,136.90 |
| | | 1. મુદતબંધી થાપણો | | 1,57,35,35,406.00 | |
| | | વ્યક્તિ | 1,53,47,08,427.00 | | |
| | | મંડળી | 3,88,26,979.00 | | |
| | | 2. સેવિંગ્સ થાપણો | | 1,07,04,12,520.54 | |
| | | વ્યક્તિ | 1,06,07,20,497.87 | | |
| | | મંડળી | 96,92,022.67 | | |
| | | 3. ચાલુ થાપણો | | 21,67,98,289.19 | |
| | | વ્યક્તિ | 21,42,65,886.86 | | |
| | | મંડળી | 25,32,402.33 | | |
| | | 4. અન્ય થાપણો | | 5,44,97,921.17 | |
| | | કેશ-ક્રેડિટ બેલેન્સ | 1,12,21,477.41 | | |
| | | એફ. ઓ. ડી. ક્રેડિટ બેલેન્સ | 4,32,76,443.76 | | |
| 14,90,156.00 | 4. | બિલ્સ ફોર કલેકશન (સામે બતાવ્યા મુજબ) | | | 2,25,99,957.00 |
| 2,73,23,040.98 | 5. | આપવા પાત્ર વ્યાજ | | | ----- |
| ----- | 6. | બ્રાન્ચ હવાલા | | | ----- |
| 4,02,19,185.00 | 7. | ઓવરડ્યુ ઈન્ટરેસ્ટ રિઝર્વ (સામે મુજબ) | | | 4,27,38,659.00 |
| 2,79,27,741.87 | 8. | અન્ય જવાબદારીઓ | | | 2,63,93,611.14 |
| | | 1. ઓડિટ ફી અનામત અને અન્ય ખર્ચ | | 2,42,531.78 | |
| | | 2. એડવાન્સ લોકર ભાડુ | | 90,31,123.00 | |
| | | 3. ડિવિડન્ડ આપવાનું બાકી | | 9,28,589.00 | |
| | | 4. ટી.ડી.એસ. આપવા પાત્ર | | 9,21,883.30 | |
| | | 5. પે ઓર્ડર | | 42,13,324.83 | |
| | | 6. સ્ટેલ ચેક ખાતે | | 2,31,780.64 | |
| | | 7. સ્ટાફ બોનસ | | 70,73,092.00 | |
| | | 8. DTLLT INFRA ST RES | | 22,32,012.00 | |
| | | 9. LIC (PMJBY) | | 6,493.00 | |
| | | 10. વડોદરા ગેસ લિમિટેડ | | 1,92,982.00 | |
| | | 11. ડિફર્ડટેક્ષ લાયેબિલિટી | | 11,85,316.58 | |
| | | 12. સ્ટાફ પ્રોફેશનલ ટેક્ષ | | ---- | |
| | | 13. અનકલેઈમ/અન ટ્રેસેબલ બેલેન્સ | | 5,385.00 | |
| | | 14. C-GST & S-GST આપવા પાત્ર | | 1,29,098.00 | |
| 2,76,98,672.31 | | નફા-તોટા ખાતું | | | 5,00,83,804.58 |
| | | પાછલા સરવૈયા મુજબ નફો | | 2,76,98,672.31 | |
| | | બાદ વહેંચણી | | 2,76,98,435.00 | |
| | | બાકી | | 237.31 | |
| | | ચાલુ સાલનો નફો | | 5,00,83,567.27 | |
| | | આકસ્મિક જવાબદારીઓ | | | |
| | | 1. બેન્ક ગેરંટી | 41,25,522.00 | | |
| | | 2. એલ સી. | ----- | | |
| | | 3. ડેફ સ્કીમ | 3,51,80,882.91 | | |
| **3,96,61,67,761.97** | | **કુલ રૂા.** | | | **3,82,81,72,714.62** |

અમારા આજ તારીખના રીપોર્ટ તથા સામાન્ય શેરાને આધિન

નોંધ : શિડ્યુલ-A

**રાણપુરા એન્ડ શાહ**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
ફર્મ રજિ. નં. 131720W
પેનલ નં. 1136,
સી. એ. નીરજ શાહ (પાર્ટનર)
મેમ્બર રજિ. નં. 141177

સ્થળ: વડોદરા
તા. 17-05-2024

| તા. 31-03-2023 | | મિલકત તથા લ્હેણું | | રૂા. પૈસા | તા. 31-03-2024 |
|---|---|---|---|---|---|
| 5,87,11,683.01 | 1. | રોકડ | | | 5,06,42,164.88 |
| | | સિલક હાથ પર | | 4,34,75,810.06 | |
| | | એસ.બી.આઇ. ચાલુ ખાતે (ગોરવા) | | 15,00,772.88 | |
| | | જી.એસ.સી. ચાલુ ખાતે | | 44,73,809.62 | |
| | | બરોડા સે.કો. બેન્ક લિ. ચાલુ ખાતે | | 11,91,772.32 | |
| 47,83,36,375.07 | 2. | અન્ય બેન્કો ખાતે | | | 49,33,86,422.51 |
| | | કરંટ ખાતે | | 15,59,34,025.51 | |
| | | ફિક્સ ડિપોઝિટ | | 33,74,52,397.00 | |
| 10,00,00,000.00 | 3. | કોલ મની | | | 6,00,00,000.00 |
| 1,85,36,83,999.50 | 4. | રોકાણો | | | 1,53,05,43,610.00 |
| | | 1. બરોડા સે.કો. બેન્ક લિ. શેર | | 63,050.00 | |
| | | 2. ગુ.સ્ટે.કો. બેન્ક લિ, શેર | | 5,000.00 | |
| | | 3. G.O.I. Invest | | 1,28,66,65,935.00 | |
| | | 4. મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ | | 19,55,00,000.00 | |
| | | 6. PCHFLNCD 6.75% | | 21,69,125.00 | |
| | | 7. MSE Refinance Fund FY-2022-23 | | 4,61,40,500.00 | |
| 1,36,20,82,271.42 | 5. | ધિરાણો | | | 1,60,12,09,419.64 |
| | 1) | ટૂંકી મુદતની લોન, રોકડશાખ ઓવરડ્રાફ્ટ અને વટાયેલા બીલો પૈકી | | 31,40,97,685.62 | |
| | | અ. સરકારી અને અન્ય માન્ય જામીનગીરીઓના તારણ સામે. | | | |
| | | બ. અન્ય વાસ્તવિક જામીનગીરીઓના તારણ સામે... | 31,40,97,685.62 | | |
| | | ક. જામીન ઉપર... | | | |
| | | ઉપરના ધિરાણ પૈકી. | | | |
| | | અ. વ્યકિતઓ પાસે | | | |
| | | બ. મુદતવીતી રકમ | 3,40,10,871.40 | | |
| | | ક. અંદાજેલું ડુબત અને શકમંદ લ્હેણું | 34,11,000.00 | | |
| | 2) | મધ્યમ મુદતની લોન પૈકી | | 1,01,40,38,058.54 | |
| | | અ. સરકારી અને અન્ય માન્ય જામીનગીરીઓના તારણ સામે... | | | |
| | | બ. અન્ય વાસ્તવિક જામીનગીરીઓના તારણ સામે.. | 98,87,54,139.54 | | |
| | | ક. જામીન ઉપર... | 2,52,83,919.00 | | |
| | | ઉપરના(2) ધિરાણ પૈકી | | | |
| | | અ. વ્યક્તિઓ પાસે | | | |
| | | બ. મુદતવીતી રકમ | 67,36,099.00 | | |
| | | ક. અંદાજેલું ડુબત અને શકમંદ લ્હેણું | 1,56,52,000.00 | | |
| | 3) | લાંબી મુદતની લોન પૈકી | | 27,30,73,675.48 | |
| | | અ.સરકારી અને અન્ય જામીનગીરીઓના તારણ સામે... | 27,30,73,675.48 | | |
| | | ધિરાણો પૈકી વ્યક્તિ પાસે | | | |
| | | મુદત વીતી રકમ | 23,43,229.00 | | |
| | | અંદાજેલું ડુબત અને શકમંદ. લ્હેણું | 57,15,000.00 | | |
| 14,90,156.00 | 6. | બીલ્સ ફોર રીસીવેબલ (સામે બતાવ્યા મુજબ) | | | ---- |
| 7,20,89,208.00 | 7. | મળવાપાત્ર વ્યાજ | | | 6,66,77,593.00 |
| | | એફ.ડી. સામે | | 2,39,38,934.00 | |
| | | એડવાન્સ સામે OIR (સામે મુજબ) | | 4,27,38,659.00 | |
| ---- | 8. | બ્રાન્ચ હવાલા | | | |
| | 9. | ફર્નીચર તથા ફીક્ષ્ચર તથા ઈઈ | | | |
| 77,68,772.50 | | પાછલા વર્ષના સરવૈયા મુજબ | | 77,68,772.50 | 70,88,385.24 |
| | | વધારો વર્ષ દરમ્યાન | | + 1,01,673.74 | |
| | | ઘટાડો વર્ષ દરમ્યાન | | ---- | |
| | | વધારો ઘસારા ફંડનો હવાલો | | - 7,82,061.00 | |
| | | ઘસારા ફંડનો ઘટાડો | | | |
| 16,00,732.16 | 10. | સેફ ડિપોઝિટ વોલ્ટ | | | 16,58,161.16 |
| | | પાછલા વર્ષના સરવૈયા મુજબ | | 16,00,732.16 | |
| | | વર્ષ દરમ્યાન વધારો | | + 3,50,048.00 | |
| | | બાદ ઘસારો | | - 2,92,619.00 | |
| 89,97,418.91 | 11. | જમીન તથા મકાન | | | 89,06,037.41 |
| | | જમીન | | 16,161.85 | |
| | | મકાન | | 89,81,257.06 | |
| | | વધારો વર્ષ દરમ્યાન | | + 3,66,851.50 | |
| | | બાદ ઘસારો | | - 4,58,233.00 | |
| 4,58,423.00 | 12. | વાહન | | | 3,20,896.00 |
| | | પાછલા વર્ષના સરવૈયા મુજબ | | 4,58,423.00 | |
| | | વર્ષ દરમ્યાન વધારો | | ----- | |
| | | ઘટાડો વર્ષ દરમ્યાન | | ----- | |
| | | બાદ ઘસારો | | - 1,37,527.00 | |
| | | ઘસારા ફંડનો હવાલો | | ----- | |
| 5,15,381.22 | 13. | કોમ્પ્યુટર ખાતે | | | 8,95,501.42 |
| | | મૂળ કિંમત | | 5,15,381.22 | |
| | | વધારો | | + 10,39,991.20 | |
| | | બાદ ઘસારો | | - 6,59,871.00 | |
| 2,04,33,341.18 | 14. | અન્ય મિલકતો | | | 68,44,523.36 |
| | | 1. સ્ટેશનરી સ્ટોક | | 1,79,970.20 | |
| | | 2. સ્ટેમ્પ અનામત | | 9,650.00 | |
| | | 3. ઈન્કમટેક્ષ (એડવાન્સ ટેક્ષ) | | 1,17,122.00 | |
| | | 4. સિકયુરીટી ડિપોઝિટ | | 96,578.00 | |
| | | 5. મળવાપાત્ર ડેફ સ્કીમ(ડેબીટ) | | 90,861.85 | |
| | | 6. Int. Paid on DEAF Rec. | | 10,250.00 | |
| | | 7. Receivable From PSBL PF Trust | | 63,40,091.31 | |
| **3,96,61,67,761.97** | | **કુલ રૂા.** | | | **3,82,81,72,714.62** |

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ**

| | | | | |
|---|---|---|---|---|
| કૃષ્ણકાંત (ગીરીશ) આર. પટેલ | અમરીષભાઇ એ. અમીન | ચેરમેન | સંતોષ એમ. જેજુરકર | વા.ચેરમેન |
| જનરલ મેનેજર | અજીતભાઇ મુળજીભાઇ પટેલ | મેને.ડિરેક્ટર | મિતાંશુ એસ. શાહ | ડિરેક્ટર |
| | રમણલાલ એમ. કાપડીયા | ડિરેક્ટર | પિયુષભાઇ એમ. પટેલ | ડિરેક્ટર |
| વડોદરા | અજીતભાઇ મનુભાઇ પટેલ | ડિરેક્ટર | મહેન્દ્રભાઇ બી. પટેલ | ડિરેક્ટર |
| તા. 17-05-2024 | ચંદ્રેશ સી. પટેલ | ડિરેક્ટર | ડૉ. આનંદરાવ આર. પટેલ | ડિરેક્ટર |
| | ડો. નિખિલભાઇ બી. પટેલ | ડિરેક્ટર | દક્ષાબેન એ. અમીન | ડિરેક્ટર |
| | મુકેશચંદ્ર એન. પટેલ | ડિરેક્ટર | વિણાબેન એ. પટેલ | ડિરેક્ટર |

## 31-03-2024ના રોજ પૂરા થતા વર્ષનો નફા તોટાનો હિસાબ

| 2022-2023 | | ખર્ચ | પરિશિષ્ટ | 2023-2024 |
|---|---|---|---|---|
| 14,63,43,743.59 | 1. | થાપણ કરજ વિ. ઉપરનું વ્યાજ | 1 | 12,58,39,232.02 |
| 8,21,85,687.10 | 2. | પગાર તથા પ્રો. ફંડ ખર્ચ | 2 | 6,12,90,628.79 |
| ------- | 3. | ડિરેકટર્સ તથા સ્થાનિક કમિટીના સભ્યોની ફી તથા ભથ્થા | | ---- |
| 81,79,525.58 | 4. | ભાડુ, વીમો, વેરો, વિજળી | 3 | 82,76,145.90 |
| 1,34,000.00 | 5. | કાનૂની ખર્ચ | | 1,97,000.00 |
| 10,44,663.92 | 6. | તાર-ટપાલ ટેલિફોન ખર્ચ | | 10,37,889.97 |
| 1,61,000.00 | 7. | ઓડિટ ફી | | 1,86,000.00 |
| 24,59,671.49 | 8. | મિલકત મરામત અને ઘસારો | | 30,66,763.00 |
| 6,95,150.43 | 9. | સ્ટેશનરી છાપકામ તથા જાહેરાત ખર્ચ | | 8,21,804.20 |
| 2,96,79,073.64 | 10. | અન્ય ખર્ચ | 4 | 3,93,16,685.61 |
| 2,76,98,055.05 | 11. | નફો | | 5,00,83,567.27 |
| **29,85,80,570.80** | | **કુલ રૂા.** | | **29,01,15,716.76** |

અમારા આજ તારીખના રીપોર્ટ તથા સામાન્ય શેરાને આધિન

**રાણપુરા એન્ડ શાહ**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
ફર્મ રજિ. નં. 131720W
પેનલ નં. 1136,
સી. એ. નીરજ શાહ (પાર્ટનર)
મેમ્બર રજિ. નં. 141177

સ્થળ: વડોદરા
તા. 17-05-2024

| 2022-2023 | | આવક | પરિશિષ્ટ | 2023-2024 |
|---|---|---|---|---|
| 27,85,92,796.82 | 1. | વ્યાજ, વટાવ વિગેરે | 1 | 27,48,70,209.40 |
| 20,077.54 | 2. | કમિશન, એક્ષચેન્જ અને દલાલી | | 36,784.35 |
| 1,99,67,696.44 | 3. | અન્ય આવક | 2 | 1,52,08,723.01 |
| ------ | 4. | ખોટ (જો હોય તો) | | ---------- |
| **29,85,80,570.80** | | **કુલ રૂા.** | | **29,01,15,716.76** |

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ**

| | | | | |
|---|---|---|---|---|
| કૃષ્ણકાંત (ગીરીશ) આર. પટેલ | અમરીષભાઇ એ. અમીન | ચેરમેન | સંતોષ એમ. જેજુરકર | વા.ચેરમેન |
| જનરલ મેનેજર | અજીતભાઇ મુળજીભાઇ પટેલ | મેને.ડિરેક્ટર | મિતાંશુ એસ. શાહ | ડિરેક્ટર |
| | રમણલાલ એમ. કાપડીયા | ડિરેક્ટર | પિયુષભાઇ એમ. પટેલ | ડિરેક્ટર |
| વડોદરા | અજીતભાઇ મનુભાઇ પટેલ | ડિરેક્ટર | મહેન્દ્રભાઇ બી. પટેલ | ડિરેક્ટર |
| તા. 17-05-2024 | ચંદ્રેશ સી. પટેલ | ડિરેક્ટર | ડૉ. આનંદરાવ આર. પટેલ | ડિરેક્ટર |
| | ડો. નિખિલભાઇ બી. પટેલ | ડિરેક્ટર | દક્ષાબેન એ. અમીન | ડિરેક્ટર |
| | મુકેશચંદ્ર એન. પટેલ | ડિરેક્ટર | વિણાબેન એ. પટેલ | ડિરેક્ટર |

